Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 22 - Issue : 01


October, 2017



... આપણા લોકોને દેશને માટેની લાગણી પણ નથી, સાહેબ ! દેશ તો સાચેસાચ માતા છે. એ કોઈ કલ્પના નથી.

આ અંબામાતા, બહુચરમાતા કે કાળીમાતા એ તો કલ્પના છે એમ હું કહું છું. એ Reality - વાસ્તવિક્તા નથી. પણ અમારો ભારત દેશ એ વાસ્તવિક્તા છે. એ બધું જ આપે છે. અનાજ, પાણી, હવા, કપડાં અને જેના વડે જીવો છો તે બધું જ ભારતમાતા આપે છે. એ માતા તરફ આપણું ઋણ જાગેલું નથી આપણામાં.

- શ્રીમોટા



## પ્રાપ્ત કરવાનું હજી બાકી છે :

(૧) પ્રેમ : આપણે અત્યાર સુધી કેવળ દ્વેષ અને આત્મસંતોષ જ સાધ્યો છે.

(૨) જ્ઞાન : આપણે અત્યાર સુધી કેવળ ઇન્દ્રિયજ્ઞાન અને વિચારશક્તિ પ્રાપ્ત કરી છે.

(૩) આનંદ : આપણે તો કેવળ સુખ, દુ:ખ તથા ઉદાસીનતા જ પ્રાપ્ત કરી શક્યાં છીએ.

(૪) શક્તિ : આપણે અત્યાર સુધી તો નિર્બળતા, પ્રયત્ન અને પરાજિત વિજય જ પ્રાપ્ત કરી શક્યાં છીએ.

(૫) જીવન : આપણે અત્યાર સુધી કેવળ જન્મ, વૃદ્ધિ તથા મરણ જ મેળવ્યાં છે.

(૬) અદ્વૈત : આપણે અત્યાર સુધી સંગ્રામ અને મંડળો જ કરી જાણ્યાં છે.

એક શબ્દમાં આપણે હજી ભગવાન પ્રાપ્ત કરવાનો છે.

- શ્રીઅરવિંદ

'પ્રભુ અર્પણ', સપ્ટેમ્બર, ૨૦૧૭ - સાભાર

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૨ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૧૭**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. આભાર અને અરમાન ........................સંપાદક ૪
૨. આપણને કશાયનું દુઃખ ન થવું જોઈએ ........... શ્રીમોટા ૫
૩. 'મોટા ક્યારેય મરવાના નથી' - શ્રીમોટા ... ડૉ. રમેશ ભટ્ટ ૬
૪. પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંભારણાં .... રજનીભાઈ બર્માવાળા ૭
૫. સુખ અને શાંતિ મેળવવાનો ઉપાય
.................. જી.કે.પ્રધાન, અનુ. ગુલાબરાય મંકોડી ૯
૬. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન .................
.......................... સ્વામીશ્રી પ્રેમાનંદ સરસ્વતી ૧૦
૭. આજનો દિવસ ........................... ફાધર વાલેસ ૧૧
૮. પારસમણિ ..........................અંબાલાલ પુરાણી ૧૨
૯. પૂજ્ય શ્રીમોટા સાથેના સંસ્મરણો ....સુભદ્રાબહેન અ. પટેલ ૧૩
૧૦. 'જીવનવ્યથા'- પરિચય ....................... શ્રીમોટા ૧૬
૧૧. પૂજ્ય શ્રીમોટાને કેમ વીસરાય ? ............ બાબુ સરકાર ૨૨
૧૨. જ્ઞાનની ખીચડી .............................. સંતદાસ ૨૩
૧૩. ગરીબની સેવા : ભગવાનની કૃપા .............. શ્રીમોટા ૨૪
૧૪. કુદરતનું શરણું ..................... ઈન્દુભાઈ રોશનિયા ૨૬

## સહયોગ

હરિઃૐ

**જીવનવિકાસની ભાવના પ્રસારતા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમદાવાદના શ્રી પ્રકાશભાઈ બી. ગાંધી તરફથી ઉમળકાપૂર્વક ભાવભર્યો સહયોગ અપાયો છે.**

**આ સત્‌કાર્ય માટે અમો તેઓશ્રીના ઘણા ઘણા આભારી છીએ.**

**-સંપાદક**

## (૧) આભાર અને અરમાન

સંપાદક

### આભાર

'હરિભાવ'ના ઑક્ટોબર, ૨૦૧૭ના આ અંકના પ્રકાશન સાથે 'હરિભાવ' ૨૧ વર્ષની યાત્રા પૂર્ણ કરી ૨૨મા વર્ષમાં પ્રવેશે છે. એ નિમિત્તે 'હરિવાણી ટ્રસ્ટ' અને 'હરિભાવ' દ્વારા ઋણ સ્વીકાર કરવાનું કાર્ય ઔચિત્યપૂર્ણ ગણાશે.

પ્રારંભથી જ પૂજ્ય શ્રીમોટા-શ્રીહરિ આ સંસ્થા અને એની પ્રવૃત્તિના પ્રણેતા અને અધિષ્ઠાતા છે, એવો બુદ્ધિગમ્ય અનુભવ છે. એ પરમાત્માને પ્રણામ કરીએ છીએ. 'હરિભાવ'ના પ્રિન્ટિંગથી રવાનગી સુધીની કામગીરી પોતાના કંધે લઈ લેનાર સંસ્થા તરીકે સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના આભારી છીએ. સદ્ગત શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાના પુરુષાર્થ અને પૂજ્ય શ્રીમોટા સાથેના સંપર્કથી આ સંસ્થાએ ઘણી ઊંચાઈ પ્રાપ્ત કરી છે. તેઓશ્રીએ કંડારેલી કેડી ઉપર શ્રી શ્રેયાંસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યા પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના પ્રસારમાં અદ્વિતીય સહયોગ આપી રહ્યા છે. એ સૌના તેમ જ સંસ્થાના અધિકારી અને કર્મચારીગણના અમો ઘણા ઘણા અહેસાનમંદ છીએ. 'હરિભાવ'ના કૉમ્પોઝિંગ માટે અર્થ કૉમ્પ્યૂટરના શ્રી કનુભાઈ પટેલ અને ફોરકલર ટાઇટલ તૈયાર કરનાર શ્રી મયૂર જાનીના આભારી છીએ. મુદ્રણશુદ્ધિ માટે શ્રી જયંતીભાઈ જાનીનો સહયોગ ઉલ્લેખનીય ગણાશે. પ્રારંભથી ટ્રસ્ટના હિસાબોનું ઑડિટ કરી ઈન્કમટૅક્સ વિભાગ અને નાયબ ચૅરિટી કમિશનરને સમયસર રિટર્ન રજૂ કરી રહેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એમ. એમ. શાહ એન્ડ કંપનીના અમો ઘણા ઘણા આભારી છીએ.

'હરિવાણી ટ્રસ્ટ'ને આર્થિક સહયોગ બક્ષીને દાતાવર્ગે અમને નિશ્ચિંતતા અર્પી છે. ટ્રસ્ટના મકાન માટે સને ૨૦૦૧ માં સહયોગ માટે જાહેર વિનંતી કરાયેલ. તે સફળ રહ્યા બાદ આજ પર્યંત કોઈ અપીલ કરાયા વિના અવિરત સ્વરૂપે દાનભેટનો પ્રવાહ અમોને ભીંજવી રહ્યો છે અને છેલ્લે છતાં મોખરાનું સ્થાન ધરાવનાર ગ્રાહક/વાંચક વર્ગના તો ખૂબ જ આભારી છીએ. ૩૦૦-૪૦૦ના પ્રારંભની સંખ્યા વધીને હાલમાં ૭૨૦૦ ઉપરની ગ્રાહક સંખ્યા છે અને તે ઉપરાંત, એકસો જેવા પરદેશના ગ્રાહકો પણ છે. આ બધાની હૂંફના કારણે અમો વિકસી રહ્યા છીએ. ફરી ફરીને આ સર્વ નામી-અનામીને અમે વંદીએ છીએ, ઋણ સ્વીકાર કરીએ છીએ અને આભાર પણ વ્યક્ત કરીએ છીએ.

### અરમાન

'હરિવાણી'-હાલના 'હરિભાવ'ના આદ્યસંપાદક શ્રી રમેશભાઈ ભટ્ટના સમયે શરૂ કરાયેલ 'પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી'ના કાર્યની દિશામાં જે કંઈ પણ થઈ શકે તે કરવું એવી ભાવના છે. હવે એ શબ્દના ઉલ્લેખનું પુનરાવર્તન કરવું જરૂરી નથી જણાતું કે પૂજ્ય શ્રીમોટાએ શ્રીમુખે ભાવના વ્યક્ત કરેલી કે કોઈ એવાયે નીકળવું જોઈએ કે જે બધા દાખલા એકઠા કરી રાખે તો ભવિષ્યમાં બાયોગ્રાફી થાય તો ખપમાં આવી શકે.

પૂજ્ય શ્રીમોટાના આ વ્યક્ત કથનની પૂર્વભૂમિકામાં કેટલાંક સ્વજનોના જીવનમાં અનુભવાયેલ ખાસ પ્રસંગો છે. 'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા એ બાબતમાં થયેલા ઠરાવના આધારે

**(અનુસંધાન પાના નં. ૧૧ ઉપર)**

# (૨) આપણને કશાયનું દુઃખ ન થવું જોઈએ

શ્રીમોટા

આપણે જે કંઈ બીજા માટે પણ કરતાં રહીએ એનો પછીથી કંઈ કોઈ પ્રકારનો ખ્યાલ પણ ન રહે એ બાબતમાં તમને લખ્યું છે, તે સમજ્યા હશો જ. વળી, **દરેકને માટે જે કંઈ કરીએ તે પોતાને કાજે કરીએ છીએ,** પોતાના વિકાસ અને પોતાની સાધના કાજે કરીએ છીએ, એવો ભાવ આપણો રહે તે સારુ તેમ મથ્યા કરવાનું છે. આથી, કદી પણ અન્યથાભાવ તે કશા પરત્વે જન્મવાનો સંભવ રહેતો નથી.

**આપણને કશાયનું દુઃખ ન થવું જોઈએ.** આપણને આપણો ખ્યાલ રહેવો જોઈએ અને એ માટે જાગૃતિ રાખી સતત પુરુષાર્થ કર્યા કરવો જોઈએ. જ્યાં સુધી ધ્યેયને પહોંચાય નહિ ત્યાં સુધી જંપીને ન બેસાય એવી મનની સ્થિતિ, વૃત્તિ, ભાવ અને તલસાટ રહેવાં ઘટે, પણ તે **સાથે સાથે પ્રસન્નતા પણ રહેવી જોઈએ.**

પ્રસન્નતાનું મૂળ પ્રેમ, શ્રદ્ધા, આશા અને ધ્યેયમાં રહેલું છે. ગાડાનાં પૈડાંના દિવેલની વાટની જેમ પ્રેમ સરળતા, ઉમંગ અને ઉત્સાહ આપણામાં સિંચ્યા કરે છે. શ્રદ્ધા સતત પુરુષાર્થ દ્વારા ધ્યેય નજીક લઈ જવામાં પ્રેર્યા કરે છે. આશા આપણને અણનમ અને અડગ રાખે છે અને સદાયે ચેતના પૂરે છે.

જીત આપણી જ છે, કારણ કે આપણને આપણા કાર્યમાં વિશ્વાસ છે. વિશ્વાસ એથી ઊપજે છે કે તે કાર્ય સાચું જ છે, એના વડે જ આપણું જીવન વહેવાનું છે. પ્રત્યેક કાર્યને પકડી લેવાને માટે જ નહિ, પરંતુ એને સતત વળગી રહેવાને માટે ધ્યેયની પણ એટલી જ જરૂર છે. એ સર્વ જો આપણી સાધનામાં રહ્યા કરતાં હોય તો સાચા પ્રકારની પ્રસન્નતા આપણામાં રહેતી હોય છે.

વળી, આપણે આપણી મરજી પ્રમાણે ઘડાવાનું નથી. એની મરજી પ્રમાણે ઘડાવાનું હોય તો આપણે કેવા રહેવું ઘટે, તે પણ વિચારી લેવાનું રહે છે અને તે સમજપૂર્વક અને જ્ઞાનપૂર્વક તેમ રહ્યા કરવાનું છે. તે માટે આપણે એક સાદો દાખલો લઈએ.

કુંભાર ચાકડા ઉપર પોતાને જોઈતા ઘાટ ઘડે છે, પણ એ ત્યારે જ બને છે કે જ્યારે માટીનો લોંદો તદ્દન નરમ રહેતો હોય, તે પોતે પોતાનું સ્વતંત્રપણું તદ્દન ગુમાવી દે છે. પોતે છે જ નહિ એમ રહ્યા કરે છે.જોકે માટીનું પોતાપણું- (માટીપણું) એ રાખે છે પણ પોતાની હયાતીનું ભાન એ રાખતી નથી.

આપણે આપણા પ્રત્યેક પ્રસંગમાં, સંબંધમાં, વહેવારમાં, લાગણીમાં, વિચારમાં, કાર્યમાં - એમ બધામાં બહિર્મુખપણે તેમ જ અંતર્મુખપણું સતત જાગૃતિ રાખીને આપણે એમ રહેવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે. આપણી આવી વર્તણૂક રહેવાથી ઘણી જ મુશ્કેલીઓ આપણને આવ્યા કરે છે. જિજ્ઞાસુ સાધકને આપોઆપ તે મુશ્કેલીઓ કઈ કઈ છે તેનો ખ્યાલ પ્રભુકૃપાથી આવી જતો હોય છે. જો તેવું શરૂઆતમાં નથી સમજાતું તો વખત આવ્યે સમજાતું જાય છે.

આપણામાં અનેક પ્રકારની માન્યતાઓ, ખ્યાલો, આગ્રહો પડેલા હોય છે. એ આપણને એક યા બીજી રીતે દોરવવાને છૂપાં છૂપાં મથ્યા કરતાં હોય છે. એ એક ભારે મડાગાંઠ કે નાગચૂડ છે. એમાંથી છૂટવું એ કંઈ સહેલ વાત નથી. માત્ર ભગવાનની કૃપા જ એમાંથી આપણને ઉગારે છે. એટલા માટે તો કશા કંઈમાં ભેળવાઈ ન જવાનું અનેક વાર જણાવેલું છે. જે જે કંઈ હોય, થાય કે ઉદ્‌ભવે તેનાથી જુદા જ રહીને આપણે જે તે કંઈ યોગ્ય કરવાનું છે. તેમાં અસંતોષ કે તલસાટ ભલે રહે પણ કોઈ જાતની અકળામણ તો ન જ રહેવી જોઈએ.

'જીવનપગરણ', બી.આ., પૃ. ૧૪૩ ❑

## (૩) 'મોટા ક્યારેય મરવાના નથી' - શ્રીમોટા

ડૉ. રમેશ ભટ્ટ

એક દિવસ મોટા મારા ઘરે પધાર્યા ત્યારે અશ્રુભીની આંખે મેં મારી બધી કથની એમને કહી દીધી. મારા ભૂતકાળના બનાવોનું સ્મરણ મને ભીંસતું હતું. વળી, એનાથી કશી પ્રકારની ગ્લાનિ કે વેદના પણ અનુભવાતી ન હતી, પરંતુ તે દિવસે મોટાને મેં ખુલ્લા થઈને બધું જ કહ્યું અને એ પછી મારો બધો જ ઓથાર ચાલ્યો ગયો. ખૂબ હળવાશ થઈ ગઈ. મને એમ થયું કે મારી બધી જ વેદના, ગ્લાનિ, સંકોચ વગેરે હરાઈ ગયાં.

મેં મોટાને કહેલું, 'મને ભૂતકાળના આ પ્રસંગોની યાદ ખૂબ જ પજવતી હતી. વળી, એ સ્મરણ વખતે ક્યારેક ત્રાસ તો ક્યારેક વેરભાવ જન્મતો હતો અને એવી વ્યક્તિઓને પીડા આપવાની ઝનૂની વૃત્તિ રહ્યા કરતી હતી. ત્યારે મોટાએ કહેલું કે હવે એની ચિંતા મૂકી દો. બધું અપાઈ જાય પછી એ કશું ચહીને યાદ ના કરવું. આપમેળે ઊગે તો એ પસાર થઈ જશે.

આવા અદ્‌ભુત અનુભવ પછી નિવેદન અને સમર્પણ કરવા માટે જે શ્રદ્ધા જન્મી એણે જ આજ સુધી મને ઘણો જ હળવો રાખ્યા કર્યો છે. નિવેદન સાથે ઘણીવાર સમર્પણભાવ જાગતો ન હતો, પણ કહ્યાનો સંતોષ થતો હતો. કોઈ પણ કંઈ વાંકું બોલે અને મને ઓછું આવે કે તરત જ મનોમન મોટાને કહી દઉં. એમણે જે કહ્યું હોય તે કહું અને મને જે અનુભવાયું હોય એ કહું. જોકે આ પ્રક્રિયા સંપૂર્ણ ન હતી. છતાં એ રીતે જે કહેવાની ટેવ પાડી એથી હવે નવી નવી પદ્ધતિ ઊઘડવા લાગી છે.

નિવેદન માટે કઈ પદ્ધતિથી ટેવ પાડી એ બરાબર યાદ છે. જ્યારે જ્યારે હરિઃૐ બોલાય ત્યારે ત્યારે હરિઃૐ મૂર્તરૂપ મોટાની આકૃતિ ધારી લઉં. આવો અભ્યાસ પડતાં જ્યાં ત્યાં જરૂર પડતાં 'મોટા' છે જ એમ અનુભવાય. આમ, વર્ષો પછી આંખ મીંચીને હૃદયપ્રદેશ ઉપર મોટાની મૂર્તિની ધારણા કરવાની ટેવ પાડવા લાગ્યો. નવરાશ મળે એટલે એમ કરવાનું આપોઆપ યાદ આવે અને ત્યાં એમને અંતરમાં થતી વૃત્તિઓની વાત કરું. મૌનએકાંતમાં બેસું ત્યારે બીજાં ઘણાં સમાધાન થયા કરે. આટલું થતું હોવા છતાં મારાં અંતઃકરણો પાર વિનાની અશુદ્ધિથી ભરેલાં રહ્યાં જ કરતાં. અવારનવાર મોટાને કહેવાનું ચૂકતો નહિ. તેઓશ્રી માત્ર સાંભળી લેતા. જરૂર જણાય તો કંઈક બોલે. આમ છતાં એમણે કેટલીક બાબતોમાં કળાથી મારાં કરણો કેળવ્યાં છે.

એક વખત શ્રી કાંટાવાળા સાહેબ (ગુજરાત રાજ્યના એ સમયના મુખ્ય ઇજનેર)ના ઘરે મોટા દાઢી કરાવતા હતા. હું એમની સામે બેઠો હતો. એવામાં મારા મનમાં એવો વિચાર ઝબક્યો કે મોટા આજે સન્મુખ છે તો બધી વાતો કહેવાય છે, એ નહિ હોય ત્યારે શી વલે થશે ? તે જ વખતે મોટાએ દાઢી કરાવવાનું અટકાવીને હાથ લાંબો કર્યો અને બોલ્યા, 'આમ આવ. હાથ પકડ. **'મોટા' ક્યારેય મરવાના નથી.** જ્યારે પણ મૂંઝવણ થાય ત્યારે માત્ર યાદ કરીને મારાં છપાયેલાં પુસ્તકનું પાનું ખોલજે. ત્યાં મૂંઝવણનો ઉકેલ અને સમાધાન મળશે. ક્યારેય ચિંતા ના કરીશ. બસ ?'

લગભગ ૧૯૭૪ની આસપાસ કહેવાયેલું મોટાનું આ વચન અફળ રહ્યું છે અને રહેશે. મારા અંગત મૂંઝવણના પ્રસંગોએ તો જરૂર ખુલાસા મળ્યા છે. એટલું જ નહિ એવી પરિસ્થિતિમાં કેમ વર્તવું એ પણ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આને લીધે ઘણી નિશ્ચિતતા રહ્યા કરી છે.

અહા ! કેવું અમૂલ્ય દાન !

'મળ્યા ફળ્યાની કેડી', પ્ર. આ., પૃ.૪૬ ❑

# (૪) પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંભારણાં

રજનીભાઈ બર્માવાળા

*[હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી શ્રી રજનીભાઈ બર્માવાલાને ચેન્નાઈના સ્વજન શ્રી બાબુ સરકારનું લખાણ વાંચવાથી પોતાના શ્રીમોટા સાથેનાં સંસ્મરણો લખવાનું મન થતાં તેઓશ્રીએ અમોને જે લખી મોકલ્યું છે તેના આધારે આ પ્રસ્તુતિ છે—સંપાદક]*

**(૧) જાદુગર શ્રી કે. લાલ સાથેનો પ્રસંગ**

દુનિયાના મહાન જાદુગરો પૈકીના એક ગુજરાતના સપૂત શ્રી કે. લાલને પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. સુરતમાં કોઈ કાર્યક્રમ માટે આવે ત્યારે તેઓશ્રી હરિઃૐ આશ્રમ, સુરતમાં જરૂર આવતા.

એક વખત પૂજ્ય શ્રીમોટા સુરત આશ્રમમાં હતા ત્યારે શ્રી કે. લાલ આશ્રમમાં આવ્યા હતા અને પોતાના સાંજના ખેલમાં પધારવા માટે શ્રીમોટાને ખાસ આમંત્રણ આપ્યું હતું. તે વેળા ચૉક બજારમાં રંગ ઉપવનમાં તેઓનો ખેલ હતો. શ્રીમોટા તે ખેલ જોવા ગયા હતા અને કોઈક યોગાનુસાર શ્રીમોટા મને તેઓશ્રી સાથે લઈ ગયા હતા. શ્રી ભીખુકાકા અને શ્રી ડાહીબહેન પણ સાથે હોવાની યાદ છે. બે થી ત્રણ કલાકના એ ખેલમાં શ્રીમોટાએ શાંતિથી પૂરો સમય હાજર રહી ખેલ જોયા હતા.

શ્રી કે. લાલના તે દિવસના ખેલની એક ઘટના હજીય મારાથી ભુલાઈ નથી. શ્રી કે. લાલ પોતાની બન્ને આંખે પાટો બાંધી દે. પછી સ્ટેજ ઉપર રખાયેલ બ્લૅક બૉર્ડ-કાળા પાટિયા ઉપર કોઈ પ્રેક્ષક પાસે કોઈ પ્રશ્ન લખાવે અને તેની નીચે શ્રી કે. લાલ જવાબ લખી દે. એક વ્યક્તિએ એ કાળા પાટિયા ઉપર ચૉક વડે 'ૐ' એટલું જ લખ્યું. તો શ્રી કે. લાલે ૐની ડાબી બાજુએ 'હરિઃ' લખ્યું અને જમણી બાજુએ 'આશ્રમ એટલે 'હરિઃૐ આશ્રમ' શબ્દ બન્યો હતો. સભાગૃહ હર્ષના મોટા અવાજથી ગાજી ઊઠ્યું હતું !' મારે મન તો એ શ્રીમોટાની જ ચેતનાનો સ્પર્શ હતો.

**(૨) હાંડવા માટે શ્રીમોટાએ દૂધી છીણી**

હરિઃૐ આશ્રમ, સુરત ખાતે સવારની રસોઈની જવાબદારી શ્રી ઝીણાકાકાની રહેતી અને સાંજની રસોઈનું કામ ડાહીમા સંભાળતાં હતાં. શ્રી ઝીણાકાકાને આશ્રમનાં વિવિધ પ્રકારનાં અનેક કામો કરવાનાં રહેતાં. તાપી નદીના પટમાં તે વખતના કૂવાને સાફ કરવા, માટીકામ, ખેતીકામ, વૃક્ષારોપણ ઉપરાંત, ગામેગામથી અનાજ ઉઘરાવી લાવવાનું વગેરે શ્રમનાં કામો રહેતાં. સાંજની રસોઈનો સમય થયો હતો તે વખતે ઝીણાકાકા અને અમે કેટલાંક જણ આશ્રમના એવા કોઈક કામ-માટીકામમાં વ્યસ્ત હતા. તે દિવસે સાંજની રસોઈમાં હાંડવો અને ગોળની રાબ કરવાની હતી, તે સમયે નાનાં છાંડિયાં મૂકીને ચૂલાનાં લાકડાં સળગાવવાં પડતાં હતાં. કૅરોસીનની કાકડી બનાવીને મૂકતા હતા. એટલે ચૂલો સળગાવવામાં થોડી વાર પણ લાગે.

હાંડવા માટે દૂધી છોલીને છીણવી પડે. રસોડામાં ડાહીમા એકલાં હતાં અને જરા રઘવાયેલાં પણ હશે. શ્રીમોટા રસોડામાં આવીને ખુરશી ઉપર સાંજની રસોઈ સમયે બેસતા હતા. તેમણે ડાહીમાની મુશ્કેલી પારખી લીધી. એ જ અરસામાં મારે રસોડામાં અન્ય કોઈક કામ માટે આવવાનું થયેલું. શ્રીમોટાએ કહ્યું કે, 'ડાહીમા, લાવ લાવ ટેબલ અહીં મૂક અને દૂધી મને આપી

દે. હું છીણી આપીશ, ટેબલ, દૂધી અને છીણી શ્રીમોટાને આપતાં, રસેશ્વર ભગવાન શ્રીમોટાએ જાતે તે દિવસે દૂધી છીણી આપી અને અમે સૌ આશ્રમવાસીઓએ અને મૌનાર્થીઓએ એ હાંડવાનો પ્રસાદ લીધો હતો. જેનો સ્વાદ કોઈ અનેરો હતો અને તેનાથી થયેલ તૃપ્તિ આજે પણ યાદ આવે છે.

**(૩) સેવાભાવી ડાહીમા**

સુરત આશ્રમમાં ડાહીમાને જેઓએ કામ કરતાં જોયાં હશે તેઓ તેમને ક્યારેય ભૂલી નહિ શકે. તદ્દન એકવડા બાંધાનું સુકલકડી જેવું શરીર —જાણે કે ફૂંક મારીએ તોય ઊડી જાય પણ કામગરાં એવાં કે એ ન થાકે પણ કામને થકવી નાંખે. સવારના ચાર વાગ્યે ઊઠે તે રાતના નવ વાગ્યે ત્યાં સુધી બસ કામ, કામ ને કામ, અને કામ કરતાં કરતાં હરિઃૐનું પ્રિય રટણ પણ ચાલુ જ હોય.

સવારે ઊઠે-મૌનાર્થીઓને ચા આપવા જાય. વહેલી સવારે વાસણો માંજવાના, પછી સ્નાન કરીને કપડાં ધૂએ. સવારે રસોડામાં પૂજ્ય શ્રીમોટા સહિત બધાને રસોઈ પીરસવાનું કામ તેમનું. પોતે પછી જમે. રસોડું સાફ કરે અને બપોરનાં વાસણો માંજવામાં જોડાય. કપડાં સુકાયાં હોય તેની ગડી કરે ત્યાં તો બપોરની ચાનો સમય થઈ જાય. તે પછી સાંજની રસોઈનું કામ શરૂ કરે. સાંજે પણ બધાને પીરસે. રસોડાની સફાઈ પછી પથ્થરિયા કોલસા ભાંગે. ચૂલો સળગાવે. આગલા દિવસ માટેની દાળ બાફવા માટે દેશી કૂકરમાં મૂકે. હાલની જેમ ગૅસ કે પ્રેસર કૂકર ન હતાં.

શ્રીમોટા સવાર-સાંજ પગે તેલ ચોળાવતા. ડાહીમાની ભાવનાનો આદર કરી મોટા તેમને ખાસ બોલાવતા. એક સાંજે હું અને ડાહીમા મોટાના પગે તેલ ચોળતા હતા. મોટા હળવી મજાક પણ કરાવતા એટલે થાક ઊતરી જતો. ડાહીમા વ્રત-નિયમ-એકટાણાં-એકાદશી, પૂનમ, ચૉથ વગેરે કરે. તે દિવસે ચૉથ હતી અને આકાશમાં કાળાં વાદળ હતાં. ચૉથનો નિયમ એવો કે ચંદ્રદર્શન કર્યા બાદ ભોજન કરાય. મોટાએ હળવી મજાક કરી કે, 'ડાહીમા આજે તો ચંદ્રમા કંઈ દર્શન આપે એમ નથી—દેખાય તેમ નથી એટલે આજે તો તારે ભૂખ્યું રહેવું પડશે !'

શ્રીમોટાની આ હળવી ગમ્મતનો જવાબ પોતાની રાંદેરી ભાષામાં બોખલા મોઢે મંદ મંદ હસતાં મીઠા લહેકા સાથે શ્રીમોટાના મુખારવિંદ સામે નજર તાકીને કહે, 'મોટા, હું તો તારું મોં જોઈ લઉં. સૂરજ ને ચંદ્ર તારા મોંમાં જ છે.ગીતામાં કહેલું છે કે સૂરજ અને ચંદ્ર બધું ભગવાનના મોંમાં જ છે, તો તારું મોઢું જોયું એટલે મને ચંદામામાનાં દર્શન થઈ ગયાં. એટલે મેં કંઈ ભૂખી ની રે'વાની!' ડાહીમાનો આવો જવાબ સાંભળી મોટા તો ખડખડાટ હસી પડ્યા ને કહ્યું, 'ડાહીમા તું તો કમાલ છે.'

ચેતનાનિષ્ઠ શરીરધારી આત્માની સેવા હૈયાના ભાવથી કરવાથી દેખીતી રીતે અબુધ, અભણ વ્યક્તિમાં પણ જ્ઞાનની, સમજણની કેવી ઝલક પ્રગટે છે એ વાત ડાહીમાનો આ પ્રસંગ ઉજાગર કરે છે.

આશ્રમમાં કોઈ માંદું હોય તો ડાહીમા એમની સેવા કરે, માથું-પગ દબાવી આપે. શ્રીમોટાની સેવામાં રહેલા ડાહીબહેનની સેવા પણ આ ડાહીમા કરતાં. કપડાં તો એવાં સરસ ઘસી ઘસીને ધૂએ કે બગલાની પાંખ જેવાં અને રોટલા તો સરસ ઘડે. મોટા માટે જુવારનો ઘી-તલ નાખીને સરસ નાનો રોટલો બનાવતાં. મોટાને તે બિસ્કિટ જેવો રોટલો ફાવતો હતો. હરિઃૐ ❑

## (૫) સુખ અને શાંતિ મેળવવાનો ઉપાય

જી. કે. પ્રધાન, અનુ. ગુલાબરાય મંકોડી

આપણે સૌ જીવનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરવા જુદી જુદી રીતે મથીએ છીએ, પણ મુશ્કેલી એ છે કે શાંતિ એટલે શું અને સુખ એટલે શું તે બાબતે ગંભીરપણે વિચાર કરતાં નથી. ઊંડાણથી વિચારીએ તો જણાશે કે જેને આપણે સુખ અને શાંતિની 'પ્રાપ્તિ' કહીએ છીએ તે ખરેખર તો આપણાં સુખ અને તેમાંથી મળતી શાંતિની આડે આવતા અંતરાયો દૂર કરવાની ઇચ્છા જ છે. એ અંતરાયો ઊભા થતા જ અટકાવી શકાય, અગર ટાળી શકાય અથવા તેનો ઇલાજ થઈ શકે તો પછી સુખ અને શાંતિ તો છે જ, એ ક્યાંયથી લાવવાનાં કે મેળવવાનાં નથી.

હવે તમારે જાતે જ એ શોધવું રહ્યું કે તમારાં પોતાનાં સુખ અને શાંતિ આડે કયા પ્રકારના અંતરાયો છે. તમને જણાશે કે તમારી પોતાની તૃષ્ણા, મહત્ત્વાકાંક્ષા, લોભ, મોહ, ઈર્ષ્યા, અસૂયા વગેરે અંતરાયોએ જ તમારું જીવન દુઃખી અને અશાંત બનાવી મૂક્યું છે. તમને એ પણ પ્રતીતિ થશે કે એ અંતરાયો પણ તમારું પોતાનું જ સર્જન છે. એ સર્જન પણ તમારા અમુક સમાજમાં રહેવાના કારણે હોય, અગર જીવન અમુક પ્રકારે જિવાતું હોય તે કારણે હોય, અમુક ધર્મના અનુયાયી હોવાને કારણે હોય, અગર તમારા પોતાના કોઈ સિદ્ધાંતો કે માન્યતાના કારણે હોય. આનો અર્થ એ થયો કે આ બધું તમારી જાતને કેટલાય કામળાઓમાં વીંટાળીને પછી તાજી હવા લેવાની ઇચ્છા કરવા જેવું છે. તમને પોતાને જ જણાશે કે આનો ઇલાજ તદ્દન સરળ છે. ઓઢણ ફેંકી દો અને તરત જ તમને તાજી સ્વચ્છ હવા મળશે.

પોતાનું નથી તેને પોતાનું કરવાની કામના, પોતે નથી તેવા દેખાવાની મહત્ત્વાકાંક્ષા, પરિગ્રહવૃત્તિ, મમતા અને એકાધિકારની લાલસા, આ બધાં તમારી જાતે ઓઢી રાખેલાં ઓઢણ તમે જાતે જ ફેંકી દઈ શકો.

જીવનને ટકાવી રાખવા માટે આવશ્યક એવી જરૂરિયાતોની વાત જુદી છે, પરંતુ તે સિવાય, તમારાં મન અને બુદ્ધિએ સર્જેલ અને અહંકારે પોષેલા કેટલાય હેતુઓની પાછળ પડો છો, એ જ તમારા જીવનમાં મોટી અશાંતિ ઊભી કરવા માટે મુખ્યત્વે જવાબદાર છે.

દુનિયામાં રહીએ તો દુનિયાની રીતે રહેવું પડે એવી વાહિયાત દલીલ કેટલીક વાર થતી હોય છે. આ વાત તપાસીશું તો જણાશે કે આજની દુનિયા જાતજાતના સમાજો, ધર્મો, પંથો, સંપ્રદાયો, જ્ઞાતિઓ અને વાદોની બનેલી છે. દરેક જણ બીજાને ઠસાવવા મથે છે કે પોતે જે જીવનરાહ અનુસરે છે તે જ સારો છે અને બીજાઓએ અનુસરવા યોગ્ય છે. પરિણામે નેતૃત્વ માટે કે અનુસરણ માટે, સત્તાપ્રાપ્તિ માટે કે સત્તા એકહથ્થુ કરવા માટે વગેરે કારણો કે હેતુઓને લીધે જીવનમાં એક સંઘર્ષ સતત ચાલ્યા કરે છે.

તમારી ફરતે ચોમેર ચાલુ આવા સંઘર્ષો વચ્ચે તમને સુખ ક્યાંથી સાંપડે ? નીરવ શાંતિ જોઈતી હોય તો તે, જાતજાતની પ્રવૃત્તિઓ અને ઘોંઘાટ ચાલતો હોય તેવા બજારમાં કંઈ થોડી મળે ? અહીં બેઠેલાં તમે બધાં, એકબીજાને શાંત રહેવાનું કહેવા માટે ઘાંટા પાડવા લાગો તો ભલા શાંતિ મળે ? એના બદલે ખરેખર કરવાનું માત્ર એટલું જ છે કે દરેક જણ પોતે તદ્દન શાંત થઈ

**(અનુસંધાન પાના નં. ૨૫ ઉપર)**

## (૬) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

**સ્વામી શ્રી પ્રેમાનંદ સરસ્વતી**

*(ગતાંકથી આગળ...)*

નેમાવરનું સ્થળ નર્મદાજીનું નાભિસ્થાન મનાય છે. અમરકંટકથી સમુદ્રની વચ્ચેનું આ સ્થળ છે. અહીં પ્રવાહની વચ્ચે નાભિકુંડ છે, તે ઉનાળે દેખાય છે.

નેમાવરમાં બ્રાહ્મણોની વસ્તી ઘણી છે. અહીંના બ્રાહ્મણો સાદા, સરળ અને સંતોષી છે. દર અઠવાડિયે એકવાર બજાર ભરાય. શાકભાજી પણ તે જ દિવસે મળે. પછી રામ-રામ.

ગવાલ ટેકરી પાસે ભગવાન પરશુરામનાં માતા રેણુકાજીનું મંદિર છે. એને પરશુરામનું જન્મસ્થળ માનવામાં આવે છે. નેમાવરના લોકો મોટે ભાગે પ્રાતઃ સાયં નર્મદાજીમાં જ સ્નાન કરે છે. નર્મદાજીના કિનારે ૧૩-૧૪ જેટલી ધર્મશાળાઓ છે. અમારી જેમ બીજા બસો-અઢીસો પરકમ્માવાસીઓ પણ ચાતુર્માસ કરવા અહીં રોકાયા છે. દરેક ધર્મશાળામાં થોડા થોડા પરકમ્મા-વાસીઓને આશરો અપાય છે. તે ઉપરાંત, એક મોટું સાર્વજનિક છાપરું પણ આશરા માટે છે.

નર્મદાજીના આ કાંઠે નેમાવર અને સામે કાંઠે હંડિયા. વચ્ચે વિશાળ પટ છે. નિર્મળ જળપ્રવાહ ધીરગંભીર ગતિએ અહીં વહી રહ્યો છે. પૈસા પડ્યા હોય તોય દેખાય, એવો સ્વચ્છ પ્રવાહ છે. ક્યાંય જરાય ગંદકી નથી, તેમ માટી કે કીચડ પણ નથી. મુલાયમ રેતી ને રંગબેરંગી ઝીણા કાંકરા છે. ધીરે ધીરે પાણીનું ઊંડાણ વધતું જાય એટલે અકસ્માતનો ભય ઓછો છે. મધ્યપ્રવાહમાં વાંસડૂબ પાણી છે. ઘણી હોડીઓ ફરે છે. અહીં મચ્છી પકડવાની મનાઈ છે. રોજ સાંજે નર્મદાજીની આરતી થાય. બધાય પરકમ્માવાસીઓ, પંડિતો, યાત્રીઓ ભેગા થાય. ભજન, ધૂન કરી પ્રસાદ લઈ માને વંદન કરી સૌ પોતપોતાને ઠેકાણે જાય.

નર્મદાજીના કિનારેથી ઊંચાઈવાળા ભાગમાં ભગવાન શ્રી સિદ્ધનાથજીનું ભવ્ય મંદિર છે. મંદિરમાં ત્રણ માળ છે. દરેક માળ ઉપર શિવલિંગ છે. મહાકાળેશ્વર ઉપરાંત ૐકારેશ્વરનાં પણ છે. મુખ્ય લિંગનો એક અજબ ચમત્કાર છે. જ્યારે બાર બ્રાહ્મણો મળીને રુદ્રાભિષેક કરે છે ત્યારે શિવલિંગમાંથી ઘંટારવ-ઘંટ વગાડ્યા પછી ગૂંજતો ધ્વનિ આપમેળે સંભળાય છે. આમાં પૂજારીઓની ચાલાકી નથી. વિજ્ઞાન પાસે એનો યોગ્ય ઉકેલ જરૂર મળી આવે. અમે પણ કાનોકાન સાંભળ્યો છે. પૂરી ખાતરી કરવા મેં રુદ્રાભિષેક કરાવ્યો અને જ્યારે મુંબઈથી મિત્રો મળવા આવતા ત્યારે ફરી ફરી રુદ્રાભિષેક કરાવતો. આ ચાતુર્માસ દરમિયાન છ વખત રુદ્રાભિષેક કરાવ્યા, તેમાં પાંચ વખત એ ધ્વનિ અમે સાંભળ્યો છે. અભિષેક થતો હોય ત્યારે ધ્વનિ ક્યારે થાય એ નક્કી નથી, પણ જેવો ધ્વનિ સંભળાય કે બ્રાહ્મણો બોલતા બંધ થઈ જાય, તેથી નાદશ્રવણ બરાબર સાંભળી શકાય. મારી તર્કબુદ્ધિ કામે લાગી. મંદિરની રચના અને અભિષેકપાત્રની રચના આ નાદશ્રવણમાં કારણભૂત છે.

મારું શરીર નર્મદા કિનારે છે પણ મન ભૂત-ભવિષ્યની કલ્પનામાં રાચે છે. સસ્તા ચમત્કારિક ઉપાયો કીમિયાઓ તરફ જીવ ઢળતો રહે છે. જગતના જીવોને રાજી કરવા, તેમની ખુશામત કરવી અને કોઈની ખુશામતથી રાજી થઈ ગર્વ કરવો અને મૂળભૂત લક્ષ્યને ભૂલી જવું—આવી ભુલભુલવણીમાં જીવ ભમતો રહે છે. આ મન જો વર્તમાનમાં જ રહે તો કેવી મજા આવે! (ક્રમશઃ)

નર્મદા પરિક્રમા, બી.આ. પૃષ્ઠ ૭૫ ❑

## (૭) આજનો દિવસ.... ફાધર વાલેસ

સવારે વહેલા ઊઠી, પ્રાતઃકાળની ક્રિયાઓમાંથી પરવાર્યા બાદ મનોમન એક પ્રશ્ન થયો કે આજનો દિવસ સારો જાય-પવિત્ર રીતે પસાર થાય એ માટે શું કરવું જોઈએ ? કોઈ એક સુકૃત્ય કરાય તો દિવસ સારો ગયો એમ કહી શકાય. એ ભાવના સુંદર છે, પણ આજે મારો વિચાર કંઈક જુદો છે.

આખોય દિવસ પવિત્ર જ છે. મંદિરના પથ્થરો પોતાનું કાર્ય કરે છે એટલે એ પવિત્ર છે. શરીરનાં અંગો, હાથ-પગ, હાડ-માંસ પોતાને સ્થાને છે અને પોત-પોતાનાં કામ કરે છે. પોતાનો ધર્મ પાળે છે એટલે પવિત્ર છે. મંદિર પવિત્ર છે, દેહ પવિત્ર છે. દિવસ પણ પવિત્ર છે. કારણ કે એનાં બધાં કૃત્યો-ઊઠવા-બેસવાનું, ઊંઘવાનું-જાગવાનું, ઑફિસનું-ઘરનું કામ, ઘરના પ્રસંગો, મિત્રોની મુલાકાતો બધાંનું સ્થાન છે. બધાંનો ધર્મ છે અને તેથી બધાંથી બનેલો આખો દિવસ પવિત્ર છે.

**દિવસને પવિત્ર બનાવવા માટે કોઈ વિશિષ્ટ કૃત્યની જરૂર નથી.** કોઈને સોનાની ઈંટની જરૂર નથી. હોય તો સારી વાત છે, પણ એ ન હોય તોય દિવસને મંગળ માનીશું.

દરેક કાર્ય જેવું હોવું જોઈએ તેવું હોય એટલું જ જરૂરી છે. ખાવાનું તો ખાવાનું અને વાંચવાનું તો વાંચવાનું. વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય, આનંદથી થાય. દરેકમાં ધ્યાન અને દરેકથી સંતોષ એ રીતે સારો દિવસ થાય. એ રીતે સારું જીવન જિવાય.

આજનો દિવસ એવી રીતે જીવીએ!

'અરધી સદીની વાચનયાત્રા', પૃ. ૨ સંકલન ❑

## (અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

સદ્‌ગત શ્રી રમેશભાઈએ શક્ય તે પ્રયાસ કર્યા હતા. તેમાં ખાસ પ્રગતિ થઈ નહોતી. જોકે 'બાયોગ્રાફી' નો ફલક એનું માળખું-બંધારણ વિશાળ પાયા ઉપર હોય છે. છતાં તેના એક અંશ તરીકે સ્વજનોના પ્રસંગો એકઠા કરવાનો પ્રારંભ શક્ય છે.

પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયના અનેક સ્વજનોના અનુભવ તેમના જ શબ્દોમાં 'હરિભાવ'ના એકવીસ વર્ષના કાર્યકાળમાં નોંધાયેલા છે. કમ-સે-કમ આવાં લખાણોને એકત્રિત કરવાનો 'હરિવાણી ટ્રસ્ટે' ઠરાવ કરેલો છે. મૌનરૂમોમાં અનુષ્ઠાન બાદ મૌનાર્થીઓએ તેમનાં મૌનનિવેદનોમાં કેટલાક અનુભવ નોંધેલા છે. **'સમર્થના સથવારે'** એ મથાળાથી 'હરિભાવ'માં એ પ્રકાશિત કરાયા છે. ઉપરાંત, શક્ય હોય તે સ્વજનોનો સામે ચાલીને સંપર્ક કરી તેમના અનુભવને અક્ષરસ્વરૂપ આપી શકાય તેમ છે. પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક સ્વજનોને 'સ્મરણાંજલિ' અર્પી છે, જે તેમનાં પુસ્તકોમાં ઉપલબ્ધ છે, તે પણ એકત્ર કરી શકીએ.

'બાયોગ્રાફી'ના કાર્ય માટે ઉચિત હથોટી ધરાવનાર નિમિત્ત સ્વરૂપે કોઈ ઊભરી આવે તે દરમિયાન આ પ્રકારની સામગ્રી એકત્રિત કરી રાખવાની ભાવના છે.

'હરિભાવ'ના આ અંકમાં કેટલાંક સ્વજનોના પૂજ્ય શ્રીમોટા સાથેના પ્રસંગોને સ્થાન અપાયું છે. હવે પછીના 'હરિભાવ'માં આ પ્રકારનાં લખાણ મેળવી પ્રકાશિત કરી શકાય તો યોગ્ય રહેશે એવાં અરમાન છે. સ્વજનોને એ અર્થે આગળ આવી સહયોગ અર્પે એવી વિનંતી છે અને છેલ્લે તો શ્રીહરિની કૃપાસહાય માટે પ્રાર્થના પણ છે. **'હરિભાવ' પરિવારને દીપાવલીની હાર્દિક શુભેચ્છાઓ અને નૂતનવર્ષારંભે અભિનંદન. હરિઃૐ** ❑

## (૮) પારસમણિ

**અંબાલાલ પુરાણી**

એક બાળકે મને કાગળ લખ્યો છે. તેમાં એ પૂછે છે : 'પારસમણિ ખરેખર હોય છે ખરો ?'

એના જવાબમાં મારે કબૂલ કરવું જોઈએ કે પારસમણિ મને જોવા મળ્યો નથી, પણ એમ તો બધી વસ્તુઓ આપણે જાતે જોઈએ તો જ માનીએ, એવું ક્યાં હોય છે ? તમારામાંથી ઘણાએ મુંબઈ જાતે નથી જોયું, પણ મુંબઈ છે એ વાત સાચી છે. વળી, આજે કોઈ વસ્તુ ન હોય, તો થોડો વખત પછી માણસ તે બનાવી પણ શકે છે. વિમાન પહેલાં ન હતું; આજે છે. એવું પારસમણિની બાબતમાં બને પણ ખરું.

પણ એ બાળકે બીજો સવાલ પૂછ્યો છે : 'કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઈ જાય, પણ લોઢાનું સોનું કોઈ દિવસે બને ખરું ?'

એનો જવાબ પણ આપું છું. તમે બધાએ કોયલો તો જોયો હશે જ. હવે એ કોયલો જમીનમાં ખૂબ ઊંડે દટાઈ જાય અને તેના ઉપર પાવાગઢ જેવો પર્વત પડે, તો શું થાય તે તમે જાણોછો ? એ કોયલાનો જ હીરો બની જાય !

પણ તમને થશે કે જમીનમાં દટાઈ ગયેલો કોલસો હીરો બની જાય છે તે કાંઈ આપણે જાતે, આપણી નજરે જોઈ શકતાં નથી. તો એ મુશ્કેલીનો જવાબ ફ્રાંસ દેશના એક રસાયણશાસ્ત્રીએ આપ્યો છે. લાવોઝીર એનું નામ. એણે કોયલાની ભૂકી લઈને ખૂબ ગરમ ધાતુમાં નાખી, પછી એકદમ તેના ઉપર પેલા પર્વતના જેટલું ભારે દબાણ કર્યું. પરિણામે નાની નાની હીરાની કણીઓ બંધાઈ ! એટલે કોયલાનો હીરો બને છે, એ નક્કી થયું.

પથરા કે કોયલામાં સમૂળો ફેરફાર થઈ જઈ શકે છે, તેમ જીવતા પ્રાણીમાં પણ કેટલીક વાર એવો ફેરફાર થતો જોવામાં આવે છે. એ વસ્તુ ખૂબ નવાઈ પમાડે તેવી હોય છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઈયળ તો તમે જોઈ હશે. એ ઈયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી ઊડી જાય છે, એ પતંગિયું બની જાય છે! જમીન પર પેટ ઘસડતી ઈયળ અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું : એ બેમાં કેટલો ફેર છે! પણ ઈયળમાંથી પતંગિયું બની જાય છે.

**જોકે ખરો પારસમણિ તો આપણા અંતરમાં રહેલો છે.** આપણી પોતાની અંદર જ એવી કોઈક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઈ જાય, આપણે પોતે જેવા હોઈએ તે મટી જઈને જુદા જ બની જઈએ, માણસમાંથી જાણે દેવ બની જવાય.

પોતાની અંદર રહેલો આ પારસમણિ ઘણાને હાથ લાગતો નથી. એમાંના કેટલાકને કોઈ ગુરુમાં કે મહાપુરુષમાં એ પારસમણિ મળી આવે છે. એવાનું જીવન બદલાઈ જાય છે.

ભગવાન એક એવા પારસમણિ છે કે, જો કોઈ એને અડકે-અરે એને અડકવાનો વિચાર પણ કરે તો એવા માણસમાં ફેરફારો થવા લાગે છે અને આખરે માણસ પોતે અસલ પારસમણિ જેવા બની જાય છે.

એવો પારસમણિ આપણને મળે તો બસ - પછી બીજું કાંઈ ન જોઈએ.

'અરધી સદીની વાચનયાત્રા', પ્ર.આ. પૃ.૪ ❑

# (૯) પૂજ્ય શ્રીમોટા સાથેના સંસ્મરણો

**સુભદ્રાબહેન અમૃતલાલ પટેલ**

નરોડા નિવાસી કરિયાણાના વહેપારી સદ્‌ગત શ્રી અમૃતલાલ જેસંગભાઈ પટેલ હરિઃૐ આશ્રમના મૌનરૂમમાં બેઠા હતા, ત્યારે નરોડામાં એવો મૌનરૂમ બનાવવાની પ્રેરણા એમને થઈ હતી. એમનું એક મકાન ભાડે આપેલું હતું, એ ભાડવાત જો એ મકાન ખાલી કરે અને એનો કબજો મળે તો તે મકાનનાં મૌનરૂમ બનાવવો એવો પણ એમણે મનોમન સંકલ્પ કર્યો હતો.

શ્રીહરિકૃપાથી એ ભાડવાતે મકાન ખાલી કર્યું એટલે શ્રી અમૃતકાકાએ નરોડામાં હરિઃૐ આશ્રમ અને મૌનરૂમનો પ્રારંભ કર્યો હતો. આ સ્થળે શ્રીમોટા અવારનવાર આવતા હતા. તે સમયે નરોડાનાં આઠદસ કુટુંબ જ એ આશ્રમ સાથે અને શ્રીમોટા સાથે સંકળાયાં હતાં. શ્રીમોટા જ્યારે આવ્યા હોય ત્યારે અમે સકુટુંબ ભેગા થઈએ, શ્રીમોટા સાથે સત્સંગ થાય.

શ્રીમોટા સાથે દસ વાગ્યે બધા પ્રસાદ લેતા અને શ્રીમોટા થોડોક સમય આરામ કરી લે તે બાદ પણ અમારો સત્સંગ ચાલુ રહેતો. આ સ્થાને શ્રીમોટાએ એક યજ્ઞ પણ કરાવ્યો હતો, જેમાં બહેનો પણ આહુતિ આપવામાં જોડાઈ હતી. આશ્રમમાં અમે બધા સાથે બેસી ધૂન કરતા અને ભજનો ગાતા. અમારા બધા પરિવારો વચ્ચે જે સદ્‌ભાવ હતો તે જોઈને શ્રીમોટા રાજી થતા હતા. એ કારણે શ્રીમોટાએ નરોડાને 'ગોકુળિયું ગામ' તરીકે ઓળખ આપી હતી.

એક વખત અમે બધા આશ્રમમાં બેઠા હતા. શ્રીમોટાની પણ હાજરી હતી. એ વખતે શ્રીમોટાની નજર મારા ઉપર પડી એટલે મને તેમની પાસે બોલાવીને કહ્યું કે **'તારો ઘરવાળો ગાંડો થઈ જશે તો તું શું કરીશ ?'** મારાથી તો મોટાને જ સીધો જવાબ અપાઈ ગયો કે મોટા, તમે બેઠા છો, પછી મારે શી ચિંતા. શ્રીમોટાએ તો મને કહ્યું, 'હું શું કરી શકું ?' એમ કહીને હસી કાઢ્યું.

ઉપરની ઘટનાને ત્રણચાર મહિના થયા હશે ને મોટાએ કહ્યા પ્રમાણેનો સમય આવી પહોંચ્યો. મારા ઘરવાળા (શ્રી અમૃતલાલ) મોટા ભાગે નરોડાના આશ્રમમાં જ રહે. ઘેર આવે જ નહિ. તેઓ અમૃતકાકા સાથે જ રહે. મારાં સાસુ-સસરા આશ્રમ પાસેની હરિઃૐ સોસાયટીમાં જ રહે. એટલે એમને ત્યાંથી સવાર-સાંજ જમવાનું મોકલાતું હતું. ઘણીવાર મોટા અમૃતકાકાની સાથે તેમને ઘેર જમી લે. બે-અઢી મહિના તેવી રીતે ચાલ્યું.

મોટા અમૃતકાકા એક વખત મારા ઘરવાળાને લઈને સુરત આશ્રમે ગયા. મોટાએ તો આશ્રમમાં જોતાની સાથે જ દરવાજામાં દાખલ થવાના સમયે બોલ્યા કે, 'આ બધી પંચાત છોડીને ધંધાનું કામ સંભાળો !' તે રાત્રે બન્ને જણ આશ્રમમાં રોકાયા. બીજે દિવસે બળેવ હતી. મોટાએ સુખડીનો પ્રસાદ બન્નેને આપ્યો. એ સાંજે સીધા ઘેર આવ્યા. એ તો મોટેથી 'હરિઃૐ, હરિઃૐ'ની ધૂન બોલ્યા કરે. હરતાં-ફરતાં કે ધંધાનું નામું લખતા હોય ત્યારે ધૂન મોટેથી ચાલુ હોય.

મારા ઘરવાળાની દિનચર્યા જ જાણે કે

બદલાઈ ગઈ. વહેલી સવારે અઢી-ત્રણ વાગ્યે ઊઠે, ઠંડા પાણીએ સ્નાન કરે. ઉપરની ટાંકીના નળનું ઠંડું પાણી આવે. તેનાથી દિવસમાં ત્રણ વખત સ્નાન કરે અને રાત-દિવસ સ્મરણ મોટેથી બોલ્યા કરે. આજુબાજુના પાડોશીઓ મને ટોકે અને કહે કે તારા ઘરવાળાને કહે કે ધીમેથી બોલે, પણ એ તો એમની જ ધૂનમાં હોય. આવું લગભગ ૬ મહિના ચાલુ રહ્યું. બધા કહેતા કે ગાંડપણ થયું છે. હું કહેતી કે આ તો મોટા સ્મરણ કરાવે છે. આપણે સંસારી માણસો. આ તો મોટાની કરામત છે.

ભાઈશ્રી નંદુભાઈને મેં વાત કરી કે પાડોશીઓની ફરિયાદ રહે છે કે રાત્રે નિરાંતે ઊંઘી પણ શકતા નથી. નંદુભાઈએ મને કહ્યું કે એ લોકોને કહેવાનું કે થોડા દિવસ આવું કરશે. કેટલાક દિવસ બાદ નંદુભાઈએ સમાચાર મોકલ્યા કે મોટા તમારે ઘેર આવવાના છે. નક્કી કરેલ દિવસે વહેલી સવારે મોટા આવ્યા. તેમની સાથે જયશ્રીબહેન, ઈંદુકાકા વગેરે આવ્યાં હતાં. ઉપરાંત, અમૃતકાકા, ઉમેદકાકા વગેરે સ્વજનો પણ આવ્યા. મારે રસોઈ મારા હાથે બનાવવાની હતી. એટલે હું તો રસોડામાં હતી. મારાં સાસુ કમુબા પણ આવી પહોંચ્યાં.

મોટાએ સામેથી સમાચાર પૂછ્યા કે બા બધું બરાબર છેને ? એટલે કમુબાએ તરત જ મોટાને કહ્યું કે મારા દીકરાને ત્રણ દીકરીઓ છે અને આટલી નાની ઉંમરમાં દીકરો દાઢી રાખે ને લુંગી પહેરે એ બરોબર નથી. એટલે મોટાએ તો તરત દાઢી કરાવી લેવાનું કહ્યું.

ત્યાર પછી મોટાએ મને રસોડામાંથી બોલાવીને પૂછ્યું કે તારા ઘરવાળાનો તને કોઈ વાંધો છે ? મોટાને મેં કહ્યું કે બીજો કોઈ વાંધો નથી પણ દીકરીના સંબંધ માટે કોઈ આવે તો કહે છે કે દીકરીનો બાપ તો બાવો બની ગયો છે. વળી, 'શ્રીરામ' લખેલી લુંગી તમોએ એમને આપી છે એ પહેરીને બધે ફરે છે. બજારમાં ખરીદી કરવા પણ લુંગી પહેરીને જવાનું આપે કહેલું છે. એટલે મોટાએ મને કહ્યું કે તારી દીકરીઓની જવાબદારી મારી, પણ તારે દરરોજ ત્રણ કલાકનું નામસ્મરણ કરવું અને ઘરમાં કામવાળી નહિ રાખવાની, દીકરીઓને કૉલેજ કરાવવાની અને તેઓ સાસરે જાય પછી કામવાળી રાખવાની.

મોટાની આ શરતો સાંભળીને મેં મારી મુશ્કેલી એમને જણાવી, કે મારા ઘરવાળા તો બે સાધુ લાવે કે બે વહેપારીને સાથે લાવે અને કહે કે બે થાળી તૈયાર કરો ત્યારે તો મારે ભગવાનનું નામ લેતાં-લેતાં ઊભું થવું પડે અને જો વાર થાય તો તેઓ મારા ઉપર ગરમ થાય. ત્યારે મોટાએ મને કહ્યું કે એ તો તારા ઘરવાળા કહેવાય, તે કહે તેમ કરવું પડે. સવારના પાંચથી રાતના બાર વાગ્યા સુધીમાં ગમે ત્યારે ત્રણ કલાક સ્મરણ કરવું એટલી છૂટ આપી. મારા માટે તો એ મોટાના આશીર્વાદ જ કહેવાય. એટલે મોટાએ કહ્યા પ્રમાણે દરરોજ ત્રણ કલાક અને તેથી પણ વધારે સ્મરણ-ભજન થયું છે.

એક દિવસ નંદુભાઈનો પત્ર આવ્યો કે લગ્ન માટે અમેરિકાથી એક ભાઈ આવેલા છે, તો તમો તેમને મળવા અસારવા જઈ આવજો. અમને મનમાં એમ કે અમે ઘણા નાના માણસ અને અમેરિકાવાળા પાત્ર સાથે વાત કરવા કેવી

રીતે જવાય ? પણ નંદુભાઈના પત્ર આવ્યા જ કરે. જયશ્રીબહેનના સહકારથી સંબંધ ગોઠવાઈ ગયો. મોટાએ જ આ સંબંધ ગોઠવી આપ્યો છે. નડિયાદ આશ્રમમાં પૂજ્ય શ્રીમોટાએ લખેલ લગ્નવિધિ પ્રમાણે એ લગ્ન કરાયાં હતાં. પાછળથી અમારા દીકરા જયેશનાં લગ્ન પણ મોટાની વિધિથી કરાયાં હતાં. અમારાં બધાં બાળકોને અમને સંતોષ થાય એ રીતે મોટાએ ગોઠવી આપ્યાં છે ! મોટાની આવી અપાર કૃપા-સહાયને કેમ કરીને વીસરાય !

મોટા સાથેના સંપર્કના કારણે અનેક સ્વજનોના સંપર્કમાં અમારે આવવાનું બન્યું છે. ખાસ તો સને ૧૯૭૧થી હું મોટાના વિશેષ સંપર્કમાં આવી. દર વર્ષે ભાઈબીજના દિવસે અમે નડિયાદ આશ્રમે જઈએ. મોટા મને સાડી આપતા હતા. એક વખત ગાડી મોડી પડવાના કારણે અમે આશ્રમે ઘણા મોડા પહોંચ્યા. આશ્રમના નિયમ પ્રમાણે સાંજે ૬ વાગ્યા પછી કોઈને આશ્રમમાં પ્રવેશ મળે નહિ. મોટા તો અંતરયામી એટલે તેઓ આશ્રમની બહાર દરવાજા પાસે ખુરશીમાં અમારી રાહ જોતા બેઠા હતા. હું તો તેમની પાસે જ બેસી રહી. મારા ઘરવાળા એ વખતે આશ્રમ માટે ફાળો ઊઘરાવતા હતા. એટલે આશ્રમમાં જઈ નંદુભાઈને હિસાબ આપી આવેલા. મોટાએ મને કહ્યું પણ ખરું કે તારે આશ્રમમાં જવું હોય તો જઈ આવ. પણ મેં ના પાડી. મને તો મોટા સામેથી મળ્યા પછી આશ્રમમાં જવાની જરૂર ના લાગી.

મોટાએ કેરીના રસના પાપડ મારી પાસે મંગાવેલા. મને તો એ આવડે નહિ એટલે નંદુભાઈએ એની રીત મને શિખવાડી હતી. અમે આશ્રમે જઈએ ત્યારે મોટા તેમની થાળીમાંથી એ પાપડનો ટુકડો મને આપતા. એક વખત મોટાએ કેવડો મંગાવેલો. મરચાં, તલ, વરિયાળી, ખસખસ, કાજુ અને દ્રાક્ષ નાંખીને મસાલેદાર કેવડો હું લઈ ગઈ હતી. પણ મોટા કહે, ‘મારે તો સાદો કેવડો ચાલે, બીજો સાદો બનાવીને લાવજે.’ હું એ પ્રમાણેનો કેવડો લઈ ગઈ, જે મોટાએ પ્રેમથી લીધો હતો.

મોટા અમૃતકાકા મને સુભદ્રાને બદલે સુભી કહીને બોલાવે. તેઓએ એક વખત અમારા બંગલામાં ૧૦૮ દિવસ અખંડ નામસ્મરણ માટે પૂછતાં અમે સમ્મતિ આપી હતી.

એક ખાસ પ્રસંગનો ઉલ્લેખ કરવો છે. મારા દીકરા ડૉ. જયેશના દીકરા અમિતને ફાર્મસી કૉલેજ, વાઘોડિયામાં દાખલ કરેલો. રીશફલીંગમાં એને વલ્લભવિદ્યાનગર મળેલું. પરીક્ષા વખતે એ મનથી હારી ગયો હતો. ખાસ કશું વાંચેલું નહિ એટલે પરીક્ષા નહિ આપવાનો એણે મક્કમ નિર્ણય કર્યો હતો, પણ હું એની પાછળ પડી કે પરીક્ષા તો આપવાની જ અને કશું ન આવડે તો હરિઃૐ, હરિઃૐ માત્ર લખજે. બીજી તરફ મોટાને પ્રાર્થનાભાવે કહ્યા કરું કે મોટા, મારું આટલું કામ તો તમારે કરવું જ પડશે. જેમ તેમ કરીને પરીક્ષા માટે એને તૈયાર કર્યો. પરિણામ આવ્યું ત્યારે એ ફર્સ્ટ ક્લાસ સાથે પાસ થયો હતો. મોટા સાથેના સંસ્મરણોનો મોટો ભંડાર છે. તેમાંથી મુખ્ય મુખ્ય લખ્યા છે. મોટાચરણે પ્રણામ કરીને વિરમું છું. હરિઃૐ ❑

## (૧૦) 'જીવનવ્યથા' : પરિચય

શ્રીમોટા

*[પૂજ્ય શ્રીમોટાના શરીરના નાના ભાઈ શ્રી સોમભાઈની દીકરી દીપ્તિનું ખૂન થયું હતું. તેનો સખત આઘાત શ્રી સોમાભાઈના માનસ ઉપર થયો હતો. ખૂન કરનાર તરીકે પોલીસે તેની માતાને દોષિત માની. જોકે કોર્ટે માતાને નિર્દોષ જાહેર કરી હતી. દીકરી દીપ્તિને શોકાંજલિ રૂપે એક નાનકડી 'કરુણ પ્રશસ્તિ' શ્રી સોમાભાઈએ લખી હતી. તે વખતે જ શ્રીમોટાએ એક ખંડકાવ્યમાં એ ઘટનાને આલેખવા સૂચન કર્યું હતું. **'જીવનવ્યથા'** નામે એ ખંડકાવ્યનું પ્રકાશન જૂન, ૧૯૭૩માં થયેલ. શ્રીમોટાએ એમાં 'પરિચય' સ્વરૂપે જે લખ્યું છે તે 'હરિભાવ'ના વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ. એક રીતે અંગત-કૌટુંબિક ઘટના હોવા છતાં એ શ્રીમોટાનો શબ્દ છે એનું મહત્ત્વનું છે. શ્રીમોટાનાં લખાણનું સંકલન કરી ટૂંકાવી શકાય તેમ હોવા છતાં જેમનું તેમ અત્રે રજૂ કર્યું છે, તે ક્ષમ્ય ગણવા વિનંતી છે. તા. ૨૫-૧-૧૯૮૧ના રોજ **'જીવનવ્યથા'**ની એક પ્રત લેખક શ્રી સોમાભાઈ તરફથી અમોને મળી હતી તેનો આધાર લેવાયો છે—સંપાદક]*

ગુજરાતી સાહિત્યમાં પોતાના આત્મજનના મૃત્યુ ઉપર ખાસ ઝાઝાં કાવ્યો લખાયાં નથી. સદ્‌ગત શ્રી નરસિંહરાવભાઈનું 'સ્મરણસંહિતા' તે જાતની પ્રતિષ્ઠા પામેલું છે. જોકે અંગ્રેજી સાહિત્યમાં ટેનીસનનું 'in Memorium' કાવ્ય ઘણું પ્રસિદ્ધ છે અને તે વાંચવા જેવું પણ ખરું, પરંતુ ભાઈ સોમાભાઈએ તેમના કાવ્યમાં માત્ર મૃત્યુ ઉપર જ બધું લખેલું છે એવું નથી. તેમણે તેમની કવિતામાં મનુષ્યના જીવનમાં આવતાં સુખદુ:ખ, તાપસંતાપ, રાગદ્વેષ, ઈર્ષાઅસૂયા વિષેની તેમની ભાવોર્મિ વર્ણવેલી છે. એ રીતે તેમની કવિતા કરુણ જીવનનું વિવિધ દર્શન કરાવતી એક કરુણ ભાવભરી એવી કાવ્ય કથાકૃતિ બની છે. ૧૭૦૦ ઉપરાંત લીટીનું આવું કરુણ જીવનની ગાથા આલેખતું સળંગ કાવ્ય આપણી ગુજરાતની ભાષામાં ભાગ્યે જ મળતું હશે. જોકે સાહિત્ય સાથે મારો કશો અંગત પરિચય નથી, પણ આ તો માત્ર મેં અડસટ્ટે જ લખેલું છે.

આ કાવ્ય લખનાર મારા શરીરના ભાઈ છે. તેમની દીકરી બહેન દીપ્તિનું ખૂન થયું તે રાત્રે જ તેમની પાસે હું દોડી ગયો હતો. ભાઈ સોમાભાઈના માનસ ઉપર તેનો સખત આઘાત થયેલો તેનો પણ હું સાક્ષી છું, પરંતુ તે ઘટના બની ગયા પછીથી તેમના માનસની થોડીઘણી શાંત અવસ્થા પ્રગટી ત્યાર પછી તેમણે આ કાવ્ય લખ્યું છે અને તેમના દિલમાંથી તે સહજપણે પ્રગટ્યું છે. તેમના દિલમાંથી જ્યારે આ કાવ્યનું સર્જન થતું હતું ત્યારે એક એવા પ્રકારનો પ્રવાહ તેમના અંતરમાં વહ્યા કર્યો હતો કે તે પ્રવાહના જોશમાં ને જોશમાં તેમની કલમ ચાલ્યા જ કરી હતી. અલબત્ત, આખું કાવ્ય એમણે કટકે કટકે લખ્યું છે, પરંતુ જ્યારે લખ્યું છે ત્યારે પ્રત્યેક વેળા ૨૫૦-૩૦૦ લીટીથી ઓછું તો નહિ જ. અને બધું મળીને એકાદ માસના ગાળામાં તો તેમણે આખું કાવ્ય પૂરું કરેલું. પોતાના સ્વજનનું ઓચિંતું અને અણધારેલી કઢંગી સ્થિતિમાં મૃત્યુ થયાની જ્યારે જાણ થાય ત્યારે દિલને કેવો આઘાત લાગે તે સહેજમાં સમજાય તેવું છે અને તેમના

કાવ્યમાં તેનો પડઘો પણ પડ્યો છે.

તેમની દીકરી બહેન દીપ્તિ ખરેખર બહુ તેજસ્વી દીકરી હતી. કોઈપણ જાતના અન્યાય, જુલમો એણે બરદાસ્ત કર્યા નથી અને તેવું તેનું માનસ પણ નહોતું. ભયંકર ગણાતા અને ખૂન કરી બેસે તેવા માણસોનો પણ હિંમત રાખીને તેણે સામનો કરેલો છે. આ હકીકત ભાગ્યે જ કોઈ જાણતા હશે, પરંતુ તે તદ્દન સાચી છે.

અમદાવાદથી સોનગઢ (સૌરાષ્ટ્ર) જવાનું નિમિત્ત કરીને ઘરેથી નીકળી, પણ ત્યારે જ તેને મનમાં થયું હતું કે એના શરીરનું મૃત્યુ નજદીક છે, એટલે એણે અમદાવાદથી જ પૉંડિચેરી શ્રીમાતાજીને 'મને બચાવો' એ મતલબનો તાર કર્યો હતો. તે પછી તેને વિચાર આવ્યો કે શ્રી સંતબાલજી પાસે જાઉં તો તેઓશ્રી મને બચાવી શકે. માદીકરી બન્ને ત્યાં ગયાં, પરંતુ તેઓશ્રી ત્યાં નહોતા અને મુંબઈ તરફ હતા એટલે ત્યાં જવાનું વિચારીને પાછાં અમદાવાદ આવ્યાં. અમદાવાદમાં મુનિશ્રી સંતબાલજીના સહકાર્યકર શ્રી નવલભાઈ શાહને મળ્યાં. તેમને પણ પોતાની મુશ્કેલીની વાત કરેલી. તે પછી તેઓ શ્રી સંતબાલજી જ્યાં વિહાર કરતા હતા ત્યાં દહાણુરોડ જવા માટે નીકળ્યાં, પરંતુ વડોદરાથી આગળ જતાં રેલને કારણે આગગાડી આગળ જઈ શકતી નહોતી એટલે તેમને પાછું ફરવું પડ્યું અને વડોદરા થઈને તેઓ આણંદ આવી વિદ્યાનગર ગયાં.

વિદ્યાનગરમાં શ્રી એચ. એમ. પટેલને બન્ને માદીકરી મળ્યાં હતાં અને તેમની સાથે થયેલ વાતચીત વેળા પણ બહેન દીપ્તિ ઘણી અસ્વસ્થ હતી એમ માલૂમ પડેલું, પરંતુ બન્ને માદીકરી જ્યારે સદ્‌ગત શ્રી ભાઈકાકાને મળ્યાં ત્યારે તો બહેન દીપ્તિએ પોલીસ સંરક્ષણની સ્વરક્ષણ માટે માગણી કરેલી. બહેન દીપ્તિના ખૂનના બીજે દિવસે જ્યારે સદ્‌ગત શ્રી ભાઈકાકાને હું મળ્યો ત્યારે તેમણે જ મને આ બધી હકીકત કહી હતી. ભાઈકાકાએ કહ્યું કે 'અત્યારે તો નહિ બને પણ કાલે સવારે તને વ્યવસ્થા કરી આપીશ' અને પોતાની મોટરમાં પોલીસ સંરક્ષણ સાથે તેને ઘેર પહોંચાડવાની ગોઠવણ પણ તેમણે કરેલી. આ બધી વાત પણ તેમણે મને કરેલી. ત્યાર પછી બન્ને માદીકરી જમી આવીને વળી પાછાં તેઓ શ્રી ભાઈકાકાને મળેલાં અને ત્યારે પણ બહેન દીપ્તિએ ફરીથી પાછી પોલીસ રક્ષણની જ વાત વારંવાર કરેલી. એટલે શ્રી ભાઈકાકાએ ફરીથી પણ તેને કહેલું કે 'આજની રાત તમે આ જોડેના અતિથિગૃહમાં સૂઈ જાવ, કાલે સવારે બધી વ્યવસ્થા કરીશું.' એમ કહીને એમણે બન્નેને અતિથિગૃહમાં મોકલ્યાં અને ત્યાં જ બહેન દીપ્તિનું ખૂન થયું.

ઉપલી બધી હકીકત જોતાં મને પોતાને તો ખાસ એવું લાગે છે કે કોઈ માણસ જરૂર પાછળ પડેલો હોવો જોઈએ. બહેન દીપ્તિ એમ ને એમ તો મરે તેવી પણ નહોતી. એણે જરૂર સામનો તો કર્યો હશે જ. મા થાકેલી પાકેલી હતી એટલે એ તો ઘસઘસાટ ઊંઘતી હતી અને જ્યારે જાગી હશે ત્યારે દીકરીના શરીરના ખૂનની આવી અવસ્થા જોઈને જ કદાચ હબકીને બેભાન બની ગઈ હશે. આ બધી હકીકતોનો પડઘો ભાઈ સોમાભાઈએ લખેલા કાવ્યમાં જરૂર ઊઠેલો છે.

બહેન દીપ્તિના શરીરના ઓચિંતા આવા થયેલા ખૂનથી તેમના દિલની લાગણી કેવી ઝણઝણી ઊઠી હશે અને તેમના દિલને કેવો તીવ્ર આઘાત, શોક વગેરે થયા હશે તે બરાબર સમજી શકું છું. મારા શરીરનો ભાઈ હોવા છતાં

મેં તેને કશું આશ્વાસન આપ્યું નથી. **લૂલા શબ્દોના આશ્વાસનથી કંઈ કશું ન વળે. માનવી માત્રે જીવનમાં મળતા કારમા પ્રસંગોને સ્વીકારવા પણ ઘટે ને આવકારવા પણ ઘટે. એનાથી લેવાઈ જઈએ તે તો જીવનનું મૃત્યુ જ ગણાય.** શ્રીભગવાનની કૃપાથી સોમાભાઈને એવી કંઈ ગડમથલ થઈ હશે ખરી. આખું કાવ્ય અક્ષરેઅક્ષર મેં સાંભળ્યું છે. બહેન દીપ્તિના બાળપણથી માંડી એટલે કે જન્મથી માંડીને તેનું ખૂન થયું ત્યાં સુધીના જીવનની હકીકતો સહજ રીતે વાચકને સમજાય અને આત્મીયતા બંધાય એવી રીતે આખા કાવ્યની માંડણી છે. તેમ છતાં ભાઈ સોમાભાઈ માત્ર લાગણીથી આમાં દોરવાઈ ગયા નથી કે શોકની લાગણીને કારણે અતિશયોક્તિ પણ થવા દીધી નથી. તેમનો કવિતાપ્રવાહ સ્વાભાવિકપણે અસ્ખલિત વહેતો ગયો છે અને તેમના જીવનમાં જે જે ઘટનાઓ બની છે, તે એક પછી એક એવી રીતે વર્ણવાઈ છે કે તે પ્રવાહમાં વાચકને પોતાની સાથે ખેંચી જાય છે.

માણસ સમજીને જીવન જીવવાનું કરતો હોતો નથી તો એના જીવનમાં કેવાં સંઘર્ષણો પ્રગટે છે અને તેને લઈને તેનાં સંતાનોને પણ કેટલું શોષવું પડે છે તેની હકીકત ભાઈ સોમાભાઈના કાવ્યમાંથી જોવા મળે છે. ભણેલાં ગણેલાં પતિપત્ની વચ્ચે જીવનમાં તડ પડતાં કેવી પરિસ્થિતિ સર્જાય છે અને તેમના જીવનમાં કેવી સુરંગ ચંપાય છે તે આલેખતાં ભાઈ સોમાભાઈ લખે છે :

(અનુષ્ટુપ)

**'ભણ્યાંગણ્યાં હતાં બન્ને વિવાદો તોય જાગતા,**
**આગ્રહો એકબીજાને સામસામા લડાવતા.**

**નમતું જોખવાનું તો કોઈને ગમતું નહિ,**
**કક્કો સાચો જ પોતાનો સ્થિતિ એવી સદા રહી.**

**અવરોધો ઊઠ્યા જ્યારે અથડાઅથડી કરી,**
**કિંતુ એને શમાવાને સમજી ના શક્તિ વાપરી.**

**સમસ્યાએ ઘણીવાર અસહ્ય તો થતાં ખડી,**
**ધીરજે શાંતિથી એને ઉકેલતાં ન આવડી.**

**પડી'તી ફાટ તોયે બે સાંધવા કાજ ના મથ્યાં,**
**અળગાં જ રહેવામાં રહ્યાં જાણે રચ્યાંપચ્યાં.'**

જીવનમાં ભાઈ સોમાભાઈ એકલાને જ આવું બન્યું છે એવું નથી. ઘણાયના જીવનમાં આવું બનતું હોય છે અને તેની અસર તેમનાં સંતાનો પર પણ પડતી જ હોય છે એને છેવટે પતિ-પત્નીનું જીવન જેમ કલુષિત બને છે તેમ તેમનાં સંતાનોનું જીવન પણ એવી જ કરુણતામાં પરિણમે છે. એકવાર પતિ-પત્નીમાંથી મનમેળ ગયો એટલે પછી તેમના જીવનમાં વિસંવાદિતા આવે છે અને તેને લઈને શંકા, કુશંકા, વહેમ, ઈર્ષા આદિ જન્મે છે. પરિણામે બન્ને વચ્ચે ક્લેશ ઊભો થાય છે અને જીવનમાં ક્લેશ પ્રવેશતાં કેવી સ્થિતિ પેદા થાય છે તે બાબતમાં ભાઈ સોમાભાઈએ લખેલી ક્લેશ વિષેની કવિતા વાંચવા જેવી છે.

ઝૂલણા

**ક્લેશથી જીવન સળગી સદા જાય છે,**
**ક્લેશથી થૈ જવાયે શું ખાખ !**
**ક્લેશથી જીવન સંતાપમાં પરિણમે,**
**ક્લેશથી જીવન શું થાય રાખ !**
**ક્લેશથી જીવનમાં પ્રજ્વલે હોળી ને,**
**ક્લેશથી ભગ્ન હૈયાં શું થાયે !**
**ક્લેશથી જીવન બરબાદ તો થાય છે,**
**જગતમાં કૈંકનાં કેટલાંયે !**
**ક્લેશથી થાય કુસંપ ને ક્લેશથી,**
**જીવન તો છિન્નવિચ્છિન્ન થાયે,**

**ક્લેશની કારમી કહાણી તો એવી છે,**
**ક્લેશ કરશો ન કોઈ કદીયે.**
**ક્લેશથી ના અમે એકલાં તો બળ્યાં,**
**ક્લેશથી તો બળી દીપ્તિયે શું !**
**ક્લેશ કરનારને એનું ના ભાન છે,**
**દુઃખદ પરિણામ શું ક્લેશકેરું !**

સંસારમાં જીવનમાં જો એકવાર મનમેળ ન થયો અને તેનો તાત્કાલિક યોગ્ય ઉકેલ ન થયો તો પછી તેમાંથી અસંતોષ જાગવાનો જ, અને એ અસંતોષમાંથી પછી જીવન વિસંવાદી થવાનું અને જીવનમાં પરસ્પર દ્વેષ, ઈર્ષા, વહેમ, શંકા, કુશંકા આદિ જાગવાનાં, અને માણસ જો જાગૃત નહિ હોય તો તેને અવનતિને માર્ગે જ ઘસડી જવાનાં. વિસંવાદી હૈયાંઓ માટે ગુજરાતના જાણીતા સમાજસુધારક સદ્‌ગત શ્રી રમણભાઈ નીલકંઠે લખેલી નીચેની બે પંક્તિઓ ઘણી જાણીતી છે.

મંદાક્રાંતા

**પીળાં પર્ણો કદી નથી થતાં કોઈ કાળે જ લીલાં,**
**ભાગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં.**

ભાઈ સોમાભાઈના કાવ્યમાંથી પણ ઉપરોક્ત કથનને સમર્થનરૂપ નીચેની પંક્તિઓ જોવા મળે છે.

શિખરિણી

**અમારાં હૈયાંમાં જીવનવિષ તે દી શું પ્રગટ્યું !**
**ફરી ન એ પાછું અમૃતસ્વરૂપે કોઈ દી મળ્યું;**
**અમારાં હૈયાં જૈ અલગ થઈ છૂટાં શું પડિયાં !**
**ફરી ના સંધાયાં દિવસ સુખકેરા ન મળિયા.**

પરંતુ આ કાવ્યકૃતિનું મુખ્ય પાત્ર તો દીપ્તિ છે. તેનાં માત-પિતાના અસંતુષ્ટ જીવનમાંથી તેના જીવન ઉપર કેવી વિપરીત અસર થઈ તે જાણવું મહત્ત્વનું ગણાશે.

ઝૂલણા

**વહાલી વહાલી હતી દીપ્તિને માવડી,**
**ને પિતાની પરે ચાહનાયે;**
**બેઉ વહાલાં હતાં બાપડીને છતાં,**
**જીવતી સળગતી એ ચિતાએ.**
**ના શકે એ કહી માવડીને કશું,**
**ને પિતાને કહેવાય કેમ !**
**એ ગૂંચાતી મૂંઝાતી ન બોલે કંઈ,**
**શું વિલાતી જતી વેલી જેમ !**

સમાજમાં જરા ઊંડે ઊતરીને જોઉં છું તો મને લાગે છે કે બાળકોને જે રીતે મહત્ત્વ અપાવું જોઈએ તે રીતે અપાતું નથી. માબાપો પ્રણાલિકાગત રીતિએ બાળકો સાથે વર્તતાં હોય છે. તેઓ તેમને માનપાન, લાડપાન બધું કરાવે છે, પરંતુ તે માત્ર પોતાના દિલને આનંદ આપવા પૂરતું જ. એમાં ઊંડું અવગાહન જોવા મળતું નથી. તેને લઈને જ બાળકો જ્યારે મોટાં થઈને માબાપને વશ વર્તીને રહેતાં નથી ત્યારે તેઓ બાળકો વિષે બળાપો કરતાં હોય છે.

ઘણીવાર આશ્રમમાં મારી પાસે આવાં માબાપો આવતાં હોય છે અને તેઓ તેમનાં બાળકો વિષે જાતજાતની ફરિયાદો કરે છે, પરંતુ એ જ બાળકોને સ્વતંત્ર રીતે મળીને એમનાં માબાપોની વાત મારી રીતે કરી પ્રેમથી એમને સમજાવું છું તો તરત તેઓ કબૂલ થઈ જાય છે અને જે બાળકો તેમનાં માબાપોના અનેકવાર કહ્યા છતાં જે કામ નહોતાં કરતાં તે મારા સમજાવવાથી કરીને હર્ષપૂર્વક અને આનંદથી કરતાં માલૂમ પડ્યાં છે. બાળકો સાથે કેમ વર્તવું તે બાબતમાં સંસ્કૃતમાં નીચેનો શ્લોક ઘણો જાણીતો છે.

**રાજવત્ પંચવર્ષાણિ દશવર્ષાણિ દાસવત્ ।**
**પ્રાપ્તેતુ ષોડષે વર્ષે પુત્રં મિત્રવદાચરેત્ ॥**

ઉપરનો શ્લોક સરળ અને વાંચતાની સાથે સમજાઈ જાય તેવો છે, એટલે તેનો અનુવાદ બિનજરૂરી હોઈને આપતો નથી. તેના પ્રથમ

ચરણ પ્રમાણે તો માબાપો બાળકો સાથે વર્તતાં હોય છે ખરાં, પરંતુ બીજા ચરણમાં જણાવ્યા પ્રમાણે સોળ વર્ષ પછી બાળકની સાથે મિત્રની જેમ વર્તવાનું કરતાં ઘણાં ઓછાં માબાપો જોવા મળે છે. ઉંમર વધતાં જેમ દરેક જણ મહત્ત્વ માગે છે તેમ બાળકો પણ ઇચ્છતાં હોય છે, પણ તેમ થતું નથી ત્યારે સ્વાભાવિક રીતે જ બાળકો અને માબાપો વચ્ચે અંતર પડે છે. અમુક કામ માટે માબાપની રજા માગીશું તો તે આપશે નહિ, એટલે તેઓ છાનાંમાનાં માબાપ ન જાણે તે રીતે વર્તે છે; અને માબાપો જ્યારે તે જાણે છે ત્યારે દુઃખી થાય છે. આ રીતે સમાજમાં આજે માબાપો બાળકો માટે ફરિયાદ કરતાં હોય છે અને બાળકો માબાપ વિષે ફરિયાદ કરતાં હોય છે.

જોકે આ હકીકત બહેન દીપ્તિને લાગુ પડતી નથી. દીપ્તિની હકીકત એથી જુદા પ્રકારની છે. દીપ્તિનું જીવન તેનાં માતાપિતાના અસંતુષ્ટ અને ક્લેશમય વાતાવરણમાં વીત્યું છે, એટલે તે આનંદ પામી શકી નથી એમ જણાય છે. વૃક્ષના ઉછેરમાં જેમ યોગ્ય ખાતર, હવાપાણી અને માવજત જરૂરનાં છે અને તે જેટલાં સપ્રમાણમાં હોય તો તેનો ઉછેર યોગ્ય પ્રકારે થાય છે અને તેમાં જો કાંઈ ખામી રહી ગઈ હોય તો તેનો ઉછેર પણ તેવી ખામીવાળો રહી જાય છે, એવું જ બાળકોના વિકાસ માટે પણ છે. આ કાવ્યકૃતિ વાંચતાં વાચકને બહેન દીપ્તિમાં કોઈ ઊણપ દેખાય તો તે માટે તે દોષિત નથી, પરંતુ તેનાં માતપિતાને દોષિત ગણવા એ જ વધુ ઉચિત ગણાશે.

દીપ્તિ ભણવામાં તેજસ્વી હતી. અંગ્રેજી વિષય લઈને તે બી.એ. ઑનર્સ સાથે પાસ થયેલી હતી. તેમ એમ.એ. માં પણ તેણે સંસ્કૃત અને હિંદી જેવા અઘરા વિષયો પસંદ કર્યા હતા, તે ઉપરથી તેની રુચિનો વાચકને ખ્યાલ આવશે.

પરંતુ દીપ્તિનાં ખરાં દર્શન તો તેની ઉચ્ચ સમજદારી અને ઉદાત્ત ભાવનામાં થાય છે. તેનાં માતાપિતાનો સહિયારો પ્રેમ તે મેળવી શકી નહોતી, તેમ છતાં તેણે તે કળાવા દીધું નથી, બલ્કે બન્નેને તે તેનો નિર્વ્યાજ પ્રેમ બક્ષીને આનંદિત રાખવા મથતી હતી. પોતે શું કરે તો તેનાં માતાપિતા વચ્ચેનું અંતર દૂર થઈને તેઓ એકાત્મા બને તે પરત્વેનો પણ તેનો ઊંડો ઊંડો પ્રયત્ન હતો એમ વાચકને લાગ્યા વિના રહેશે નહિ.

તે બીમાર પડી અને દવા માટે સોનગઢ ગઈ, ત્યારે નોકરીમાં હોઈને તેના પિતા તેની સાથે નહોતા જઈ શક્યા, તેથી તેના દિલમાં ઓછું આવ્યું નહોતું, કારણ કે તે સમજતી હતી કે બીમારીમાં નાણાંની જરૂર પડવાની અને બાપ નોકરી નહિ કરે તો નાણાં મળશે કેવી રીતે ? આ દૃષ્ટાંત તેની ઊંડી સમજદારીનાં દર્શન કરાવે છે અને તે મૃત્યુનો ભોગ બની તે પણ તેની ઊંડી સમજદારીને કારણે જ.

જે સમાજમાં આપણે રહેતાં હોઈએ ત્યાં અનીતિ કેમ ચાલે ? ગેરરીતિ કેમ ચાલે ? અન્યાય કેમ સહન થાય ? એની આ સમજદારીને કારણે આવી બાબતો એ સહન કરી શકતી નહિ અને તે દૂર કરવા માટે તેનો સામનો કરતાં જે સંઘર્ષણો પ્રગટ્યાં તેમાં તે હોમાઈ ગઈ. આ અંગે આ કાવ્યકૃતિના કર્તાએ લખેલી નીચેની પંક્તિઓના સૂરમાં આપણે પણ સૂર પુરાવીશું.

અનુષ્ટુપ

**તારી આહુતિની જ્વાલા આજ છો રાખના સમી,**
**કિંતુ કાલ ભભૂકીને પેદા થશે નવો હવિ.**

પરંતુ આ 'જીવન એક મંદિર'ની કવિતામાં માત્ર હૈયાવરાળની કાવ્ય પંક્તિઓ છે એવું નથી, તેમાં કેટલીક ભાવવાહી પંક્તિઓ પણ છે તે વાચકની જાણ માટે નીચે ટાંકી છે.

માલિની

**સરળ સરિત જેવી જિંદગી ના રસાળી,**
**જીવનભર મળે ના પુષ્પકેરી પથારી.**

અને ખરેખર ભાઈ સોમાભાઈની આ વાત તદ્દન સાચી છે કે મનુષ્યનું જીવન સદાય સરિતા જેવું સરળ નથી, તેમ તેને જીવનની શરૂઆતથી તે અંત સુધી પુષ્પોની પથારી પણ મળતી હોતી નથી. કોઈવાર જીવન આનંદદાયી હોય છે તો કોઈવાર શોકમય પણ બનતું હોય છે. કોઈવાર સુખ મળે છે તો કોઈવાર એને દુઃખનો પણ સામનો કરવો પડે છે. આમ, જીવનમાં તડકી છાંયડીના હેરાફેરા આવતા જ હોય છે.

'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' સદ્‌ગત કવિશ્રી બોટાદકરની આ એક જ લીટી માતા વિષે કેવી ઉત્તમ ભાવના વ્યક્ત કરે છે ! સોમાભાઈ પણ તેમની આ કાવ્યકૃતિમાં માતા વિષે નીચે મુજબ લખે છે :

માલિની

**જીવન ઉદયકેરી સાચી તો જે પ્રણેતા,**
**સકળ જગતકેરી પ્રેમમૂર્તિ જનેતા.**

માણસ તરે છે પણ પોતાના વિચારોથી અને મરે છે પણ પોતાના જ વિચારોથી. આ વિષેના ભાઈ સોમાભાઈના ઉદ્‌ગારો નીચેની બે કાવ્યપંક્તિઓમાં સરસ રીતે વ્યક્ત થયા છે.

અનુષ્ટુપ

**આપણા જ વિચારોથી આપણે મરીએ છીએ,**
**આપણા જ વિચારોથી આપણે તરીએ છીએ.**

પ્રાધ્યાપક શ્રી હેમંત દેસાઈ આ કાવ્યકૃતિનો આસ્વાદ લખવાના છે એટલે પરિચયરૂપે વિશેષ ન લખતાં આટલેથી જ તેની સમાપ્તિ કરું છું.

ભાઈ સોમાભાઈએ તેમની આ કાવ્યકૃતિમાં બહેન દીપ્તિની કવિતા સાથે તેમની અંગત કથા પણ આલેખી છે, પરંતુ દુનિયામાં જોઈશું તો દરેકના જીવનમાં એક નહિ અને બીજા પ્રકારે આવી કથાઓ બનતી જ હોય છે. એટલે આ કાવ્યકૃતિ વાંચવાથી કરીને જેના જેના જીવનમાં આવું બનતું હશે તેમને તો તેમાંથી ચેતવા માટે પ્રેરણા મળશે એમ માનું છું.

ગયે વરસે ભાઈ સોમાભાઈએ બહેન દીપ્તિને શોકાંજલિરૂપે એક નાનકડી **'કરુણ પ્રશસ્તિ'** લખી ત્યારે જ મેં તો તેમને કહેલું કે બહેન દીપ્તિની ગાથાને તું એક ખંડકાવ્યમાં આલેખ, પરંતુ તે સમયે તેમને શાંત અવસ્થા પ્રગટી નહોતી અને વેદનામય સ્થિતિમાં હતા એટલે તે નહોતા કરી શક્યા. દિલમાં લાગે છે ત્યારે જ સર્જન થાય છે, એ રીતે એમણે આ ખંડકાવ્ય લખ્યું છે. તેઓ મારા શરીરના નાનાભાઈ છે એટલે આ કાવ્યકૃતિ વિષે આથી વિશેષ કશું લખતો નથી.

જીવનમાં સેવા, ધૈર્ય, સહનશીલતા, ઉદ્યમ, સાહસ, હિંમત, ખંત, ખમીર, ઉત્સાહ આદિ ગુણો પ્રગટાવવા જેઓ સદા અને સતત પ્રયત્નશીલ રહે છે તેમના પ્રત્યે મને સદાય આદર છે. તેવાઓની કદર કરવાનું પણ મને મન થાય છે અને તે પ્રમાણે મેં કર્યું છે પણ ખરું.

બહેન દીપ્તિના ખમીરની હું કદર કરું છું અને તેનો આત્મા જ્યાં હોય ત્યાં અભ્યુદય પામો એવી પ્રાર્થના કરી વિરમું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ, તા.૨૫-૧૦-૧૯૭૨ —મોટા
'જીવનવ્યથા', પ્ર.આ.માંથી સાભાર ❑

## (૧૧) પૂજ્ય શ્રીમોટાને કેમ વીસરાય ?

બાબુ સરકાર

સને ૧૯૬૯ થી ૧૯૭૫ મારે માટે એક કપરો કાળ હતો. પિતાશ્રીનો ધંધો ખલાસ થઈ ગયો હતો. બધાં મકાનો વેચીને બૅંકની લોન ચૂકવવી પડી અને ઈન્કમટૅક્સ ભરપાય કરી શક્યા. એ વર્ષનો આખો કાળ મારી માનસિક વેદનામાં વિત્યો હતો.

પૂજ્ય શ્રીમોટાએ મને વચન આપ્યું હતું કે 'તને જે મુશ્કેલી હોય તે મને જણાવવી. એવા આત્મનિવેદન થકી ભગવાનને પ્રાર્થના કરવાનું બને' અને મને એમ પણ કહેલું કે, 'મારી શક્તિ તારા શ્રેય માટે વાપરવા ઈચ્છુંછું.' પૂજ્ય શ્રીમોટાએ મારા પિતાશ્રી માટે અનુષ્ઠાન કરેલાં. છેવટે હતાશ થઈને મેં શ્રીમોટાને કહેલું કે હું પૉંડીચેરી આશ્રમ ચાલ્યો જાઉં-આમાંથી છૂટી જાઉં. પણ તેઓશ્રીએ મને તેમ કરવાની ના પાડેલી અને કહેલું કે ત્યાં તું તારી સ્વતંત્રા ગુમાવી દઈશ. વળી, ત્યાં પણ અંદરોઅંદર મનમેળ છે એવું પણ નથી.

પૂજ્ય શ્રીમોટાએ મને બે વિકલ્પો આપેલા. 'જો તને અત્યારે સુખ જોઈતું હોય તો તેમ કરી આપું, પરંતુ આ દુઃખ તને તારી પાછલી જિંદગીમાં આવવાનું, તે સમયે તું સહન કરજે. અત્યારે ભરયુવાનીમાં આ દુઃખ સહન કરી લઈશ તો તારી પાછલી જિંદગી સુખેથી વિતશે.' મેં મારી યુવાનીમાં એ દુઃખ સહન કરી લીધું. પાછળથી મોટાએ મને એક મકાન કરી આપ્યું અને કમાણી પણ કરી આપી, જેથી હાલ હું પરિવાર પણ ચલાવી શકું છું અને ખરા સુખશાંતિથી જીવન વિતાવું છું.

પૂજ્ય શ્રીનારાયણ સ્વામી પણ અમારા નિવાસે પધરામણી કરતા હતા. તેઓશ્રીએ મંત્રથી સિદ્ધ કરેલી ચાંદીની લક્ષ્મીજીની મૂર્તિ મારા પિતાશ્રીને પૂજા કરવા માટે આપી હતી, પરંતુ તેઓને ખાસ શ્રદ્ધા નહિ એટલે પૂજા નહોતા કરતા. પાછળથી મેં એની પૂજા કરવાનું શરૂ કરેલું. મને અઢળક ધન તો નહિ મળેલું પણ મને જ્યારે જ્યારે જેટલા પૈસાની જરૂરત પડતી તેટલા મળી રહેતા.

પૂજ્ય શ્રીમોટા સાથે મારે સારો એવો પત્રવ્યવહાર થતો હતો. શરૂઆતમાં હું તેઓને અંગ્રેજી ભાષામાં પત્ર લખતો અને શ્રીમોટા પણ શ્રી નંદુભાઈ દ્વારા મને અંગ્રેજીમાં જવાબ આપતા. મને ગુજરાતી ભાષા આવડતી નહોતી. કેટલાક સમય બાદ શ્રીમોટાએ મને જણાવ્યું કે હવેથી તેઓ મને ગુજરાતીમાં જવાબ લખશે. કારણ કે ગુજરાતી ભાષામાં તેઓ વધુ સ્પષ્ટતાથી અને ભાવથી મને સમજાવી શકશે. ડિક્ષનેરીની મદદથી મારે ગુજરાતી ભાષાની જાણકારી મેળવવી પડી હતી.

આફ્રિકા-કેન્યામાં મને એક સંબંધીની વગના કારણે સારા પગારે બૅંકમાં નોકરી મળતી હતી, પરંતુ મારા પિતાશ્રીને છોડીને બીજે ક્યાંય જવાની મને તેમ જ મારાં પત્નીને શ્રીમોટાએ તદ્દન ના પાડી હતી. આજે એના હિસાબે મારા જીવનમાં નવો જ વળાંક આવ્યો છે. શ્રીમોટાના અને શ્રીનારાયણ સ્વામીના સંપર્કમાં આવવાનું જે બન્યું છે તેના કારણે મારું જીવન ધન્ય બન્યું છે.

સને ૧૯૬૫ કે તે અરસામાં શ્રીમોટાએ મારા જન્માક્ષર નડિયાદના પ્રખર જ્યોતિષ જાણકાર શ્રી ગૌરીશંકરને બતાવેલા અને મારા જીવન વિષે ઘણી પૂછપરછ કરેલી. મારા મોટા ભાઈ એ જ્યોતિષીને મળ્યા હતા ત્યારે એ જ્યોતિષિએ મારા ભાઈને કહેલું કે **શ્રીમોટા તો આગનો ગોળો છે, તેમને ઓળખવા ઘણું જ મુશ્કેલ છે.**

મારાં સૌથી મોટાં ભાભીને ચાર દીકરીઓ

**(અનુસંધાન પાના નં. ૨૫ ઉપર)**

## (૧૨) જ્ઞાનની ખીચડી

**સંતદાસ**

જ્ઞાનની ખીચડી ચડે....સંતો ભાઈ, જ્ઞાનની ખીચડી ચડે...
એ ખીચડી રે કોઈ સાધુ રે જનની...
એ ખીચડી રે કોઈ વિરલા જનની, વિરલા જનને જડે... સંતોભાઈ જ્ઞાનની....
તનકેરી તપેલી બનાવી, પ્રેમનાં પાણીમાંહી ભરે... સંતોભાઈ જ્ઞાનની...
સુરતા રાણી રાંધવા બેઠી, નિવૃત્તિ દાસી વડે... સંતોભાઈ જ્ઞાનની...
ભાવનાના મેં ભાત બનાવ્યા, દયા દાળ એમાં ભળે... સંતોભાઈ જ્ઞાનની...
નામકારી નિમક બનાવ્યા, હેતની હળદર પડે... સંતોભાઈ જ્ઞાનની...
ચિત્તનામાંહી ચૂલા બનાવ્યા કર્મકાષ્ટમાંહી જલે... સંતોભાઈ જ્ઞાનની...
સદ્ગુરુ શબ્દોથી સળગી ઊઠ્યું, ભડભડ ભડભડ બળે... સંતોભાઈ જ્ઞાનની...
એ શબ્દોના તાપથી માંહી, ખદખદ ખીચડી કરે... સંતોભાઈ જ્ઞાનની...
અહમ્-મમતા રૂપી ઊભરો આવ્યો, ત્યારે શાંતિ ઢાંકણ ઢળે... સંતોભાઈ જ્ઞાનની...
શાંતિઢાંકણ ઢળ્યા પછી, એ વેદ વરાળે ચઢે... સંતોભાઈ જ્ઞાનની...
કાચો દાણો ફરફરે ભાઈ સીજે કારજ સરે... સંતોભાઈ જ્ઞાનની...
એ ખીચડી રે વિરલા જનની વીરલા જનને જડે... સંતોભાઈ જ્ઞાનની...
કહે સંતદાસ રામ પ્રતાપે, કોઈ ભાગ્યશાળીને મળે... સંતોભાઈ જ્ઞાનની...

પ્રેષક : એક સ્વજન ❑

### 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ —સંપાદક

| ક્રમ સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. પ્રકાશભાઈ બી. ગાંધી (સહયોગ) | અમદાવાદ | ૨૫,૦૦૦/- |
| ૨. કિશનભાઈ સી. શાહ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. એક સ્વજન | વડોદરા | ૩,૦૦૦/- |
| ૪. શિલ્પાબહેન પરેશભાઈ અમીન સદ્ગત જીવનસાથી પરેશભાઈ ઠાકોરભાઈ અમીનના સ્મરણાર્થે (દેહાંત તા. ૨૦-૮-૧૭) | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૫. રાજેશભાઈ રતિલાલ શાહ (તા.૧૬-૯ના રોજ પૂજ્યશ્રીએ લખી આપેલ વચનામૃત નિમિત્તે | અમદાવાદ | ૧,૬૦૦/- |
| ૬. રાજારામ માખીજા | અમદાવાદ | ૧,૦૧૩/- |
| ૭. હેમંતરાય હર્ષદરાય પંડ્યા સ્વ. રશ્મિકાબહેન હેમંતરાય પંડ્યાની સ્મૃતિમાં | સુરત | ૧,૦૦૧/- |
| ૮. એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. લક્ષ્મીબહેન રમેશભાઈ પટણી ૮૧મા જન્મદિન (૨૯-૯) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |

વિશેષ દાનભેટની વિગત આવતા અંકે
ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. **- સંપાદક**

## (૧૩) ગરીબની સેવા : ભગવાનની કૃપા

શ્રીમોટા

આ જીવની નાનપણની આર્થિક દશા તો ઘણી ઘણી ગરીબાઈની. કાલોલની અંગ્રેજી નિશાળમાં ભણતો થયો, ત્યારથી અમારી તે શાળાના મુખ્ય શિક્ષકના સંપર્ક અને સંબંધને કારણે કાલોલના નાગરવાડામાં તેને જવા-આવવાનું વધારે થયેલું. તે ગરીબ હોવાથી સહુ કોઈ દયા કરે અને કામ બતાવે. પહેરવાને કાજે જૂનાં પણ સારાં, ફાટી ન ગયાં હોય તેવાં જ કપડાં પણ પહેરવા આપે. જોકે આ જીવે તે પહેર્યાં નથી, તેમ પાછો નકાર પણ ભણ્યો નથી. પ્રેમભાવે તે લઈ લેતો અને તેમને તેમને સારું લાગે તેથી થોડીકવાર પહેરી તે ઘેર લઈ જતો, કાં તો કોઈ મારાથીયે વધારે ગરીબ હોય અને પહેરવાનું ન હોય તેને આપી દેતો, પણ તે પ્રેમભાવથી કરીને, **દયા ખાઈને તો નહિ જ.**

ગરીબ પરત્વેના વર્તાવમાં આપણે ઘણી ઘણી હૃદયની સલુકાઈ રાખવાની છે. આ જીવે ગરીબાઈમાં જીવન ગાળેલું હોવાથી ગરીબના દિલની તેને ખબર છે. ગરીબને પણ આત્માની વેલ હોય છે. એને પણ ફૂલવાફાલવાની હોંશ અને પ્રેરણા હોય છે. એને પણ વધવાની સગવડ સમાજે આપવી ઘટે છે. એને પોતાનું જ અંગ, સગું, છૈયુંછોકરું જાણીને એને ઊંચે પ્રગટાવવા કાજે પોતે પોતાનો હાથ આપવો જ ઘટે. એટલે આપણા રોજિંદા જીવનવહેવારમાં જ્યારે જ્યારે એવા પ્રસંગ મળે, તે તે પ્રસંગ શ્રીભગવાનની ભક્તિનો પરમ કૃપાપ્રસંગ છે એવી ચેતનપૂર્વકની ભાવના ત્યારે હૃદયમાં હૃદયથી દૃઢાવી દૃઢાવી (જેની ભાવના સહજ થઈ ગઈ હોય, તેને કાજે આ લખાણ નથી.) પોતે તેની પરત્વે પ્રેમભાવના રાખીને વર્તવાનું કરવું. આથી, આપણને કુટુંબમાં જે જે બધા જીવ મળેલા છે, તેમની પરત્વે પણ સદ્ભાવ રાખવાનો મહાવરો પડશે.

ઘરમાં નોકર પરત્વે પણ માણસાઈનો પ્રેમ-ભક્તિયુક્ત વર્તાવ આપણો હોવો ઘટે. આ જીવે નોકર તરીકે કામ કરેલું છે અને તે પણ સવારથી તે રાતના મોડા સુધી, એકધારું. ભલેને વધારે સમય એની કને કામ લેવાનું થયા કરે, પણ જો આપણા હૃદયનો ભાવ એના પરત્વે સલુકાઈભર્યો અને એની દશાની સાથે સહાનુભૂતિવાળો હોય, એને બે શબ્દ પ્રેમભાવના થાક્યેપાક્યે કહેવાનું બને તો તેને તે કેટકેટલું સારું લાગતું હોય છે ! આ જીવની તેવી વેળા જે કોઈ કદર બૂજતું ત્યારે એવા જીવ ઉપર આ જીવ તો વારી વારી જતો.

ગરીબનું કોઈ ધણીધોરી નથી. ગરીબને સહુ કોઈ અવગણી શકે છે. ભૂલેચૂકે પણ આપણે તેવું કરવું નહિ. ગરીબની કોઈ 'દયા' ખાશો નહિ. દયા ખાનાર આપણે કોણ ? એ કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી શકાતો હોય તો આપજો. તમારી દયાબયાનો એને ખપ નથી. **સમાજ આજે ગરીબની ગરદન ઉપર ચઢી બેઠો છે. આવતી કાલે તે સમાજની ગરદન ઉપર ચઢી બેસવાનો છે. સમાજ એને લૂંટીલૂંટીને આજ લગી નભ્યો તો આવતી કાલે તે સમાજને લૂંટીને નભવાનો છે. એવી આ અનંત-કાળની રમત છે.**

એમાં આપણે તો આપણા જીવનવિકાસના

ભાવે જીવવાનું છે. કોઈનીયે અવગણના ન થઈ જાય, કે કોઈનેયે તુચ્છકારાય નહિ, તેમ કોઈનીય દયાબયા આપણે ખાવાની ન હોય, પણ સહાનુભૂતિ ધરાવી શકાય. હૃદયની ભાવનાનો યોગ્ય વર્તાવ થાય તો ઉત્તમ. ગરીબને લૂંટતા વાણિયાનો વેપાર મેં જાતોજાત નીરખેલો છે, તેમ છતાં તે વેળાએ પણ તેવા વેપારીની અવગણના કરેલી નથી.

ગરીબથી આડુંઅવળું થઈ જવું કોઈથી સહન થઈ શકતું નથી. જ્યાં ત્યાં મને તેવાં દર્શન થતાં રહે છે. તેવી વેળા હૃદયમાંનો આ જીવનો આત્મા જરૂર પોકારી ઊઠે છે. **ગરીબની હાય જેવી તેવી હોતી નથી.** ગરીબ થયો કે નોકર થયો એટલે જાણે બસ ! તેનામાં જાણે સમજણ ન હોય, અક્કલ ન હોય, આપણું ગમે તેવું સાંભળવાને તેણે તૈયાર જ રહેવું જોઈએ, સામો એક અક્ષર પણ તેનાથી ન નીકળવો જોઈએ, એવી સમજણની ધારણા નોકરને વિશે આપણાં બધાંની છે. એવા જીવો કાજે તો હવે નોકરોને પણ કામ કરવાના કલાકોનો કાયદો ઘડાય તો ઘણું ઉત્તમ. પ્રભુકૃપાથી તેવો કાયદો થાય તો આ જીવ વિશેષ રાજી થાય.

કેટલાક લોક તો મોડા મોડા જમે, મોડા સૂએ અને તે પછી નોકરને સૂવાનું હોય, અને પોતે જાગે તે પહેલાં પાછું તેને ઊઠવાનું હોય. મારે પ્રભુકૃપાથી તેવું સહેવાનું આવેલું, પરંતુ તેવું સહેવું આ જીવને કઠેલું નહિ. હું તો જાણે પ્રભુકૃપાથી આનંદથી તે કાળે વર્તતો હતો અને તેવું સહેવામાં તપશ્ચર્યાનો ભાવ રાખતો હતો.

'જીવનપોકાર', પ્ર. આ., પૃ. ૨૧૦ ❑

**(અનુસંધાન પાના નં. ૯ નું ચાલુ)**

જાય તો પળવારમાં આખા હૉલમાં નીરવ શાંતિ થઈ જશે. બરાબર એવી જ રીતે તમારા જીવનમાં અશાંતિ પેદા કરનારાં કારણો દૂર કરો કે ટાળો, તો પોતાની મેળે જ જીવન શાંત અને સુખી બનશે. બીજી કોઈ રીતે એ નહિ થઈ શકે.

તમને હવે સમજાયું હશે કે તમારાં સુખ અને શાંતિને આડે આવનાર તમે પોતે જ છો. અશાંતિના પ્રશ્નને ગંભીરપણે સમજવા પ્રયત્ન કરશો તો તમારી અશાંતિ તમે પોતે જ દૂર કરી શકશો. બીજાઓની કે બહારની મદદથી આ પ્રશ્નનું નિરાકરણ શોધવાનો તમારો પ્રયાસ સમય અને શક્તિ બન્નેનો દુર્વ્યય છે.

'હિમગિરિ શિખરોનો આધ્યાત્મિક સાદ', પૃ. ૫૪ ❑

**(અનુસંધાન પાના નં. ૨૨ નું ચાલુ)**

બાદ, શ્રીમોટા પાસે માગણી કર્યા બાદ પુત્ર મળેલો. અમારે કોઈ સંતાન નહોતું એટલે એ મોટાં ભાભીએ મારાં પત્નીને કહેલું કે તમે મોટા પાસે માગો તો જરૂર તમને આપશે. શ્રીમોટાએ મારાં પત્ની શ્રી ચારુલતાને પૂછેલું કે જો તને સંતાનની ઇચ્છા થતી હોય તો હું ભગવાનને પ્રાર્થના કરું તો એકાદ સંતાન થાય. પણ મારી પત્નીએ શ્રીમોટાને જવાબ આપેલો કે 'તમને જે ઠીક લાગે તે મને ગમશે.' શ્રીમોટાએ કહેલું કે, 'તું આમ જ રહેજે, સુખી થઈશ.' આજે અમારે સંતાન નથી, પણ પરિવારનાં બાળકો અમોને પોતાનાં સંતાન કરતાં વિશેષ ચાહે છે અને ધ્યાન પણ રાખે છે. આને હું ગુરુકૃપા જ કહું છું.

શ્રીઅરવિંદ, શ્રીનારાયણ સ્વામી અને સવિશેષ રીતે શ્રીમોટા સાથેના સંપર્કથી તેમના સાહિત્યના વાંચન-મનનથી મને ઘણા ફાયદા થયા છે. પાર્થિવ, સાંસારિક અને ખાસ તો આધ્યાત્મિક. ❑

## (૧૪) કુદરતનું શરણું

**શ્રી ઈન્દુભાઈ રોશનિયા**

'કુદરતનું શરણું એ જ સાચું શરણું' જ્યારે જ્યારે વિષમ પરિસ્થિતિ ઉદ્ભવે ત્યારે મનુષ્યો કુદરતને શરણે જાય છે અને કુદરત કૃપાલુ છે તેથી આપમેળે સમસ્યાનો ઉકેલ મળી જાય છે. હું જે રજૂઆત કરવા જઈ રહ્યો છું તે આરોગ્યલક્ષી છે. જ્યારે વ્યક્તિ બીમાર પડે ત્યારે ડૉક્ટર, વૈદ કે હોમિયોપેથીને શરણે જાય છે અને દવા કે ઔષધ શ્રદ્ધા રાખીને લે છે - આ સાચું છે. આ રીતમાં ઔષધની આડઅસરનો ભય રહેલ હોય છે, પરંતુ મારે તો કુદરતના ડૉક્ટરની વાત કરવી છે જે ઔષધ વિના તંદુરસ્ત રાખવા તૈયાર છે તો ચાલો મળીએ આ ડૉક્ટરોને (૧) પૃથ્વી (માટી), (૨) પાણી, (૩) અગ્નિ, (૪) આકાશ, (૫) વાયુ, (૬) આહાર, (૭) મનની નિર્મળતા

**વૈદો કહે છે**

**(૧) 'પૃથ્વી** માતા, દ્યૌઃ નઃ પિતા' - પૃથ્વી આપણી માતા છે અને આકાશ પિતા છે. માટીમાં રોગો દૂર કરવાની અપૂર્વ શક્તિ છે. કુદરતી ઉપચારના કેંદ્રમાં આ ટ્રીટમેન્ટ મળી શકે છે.

**(૨) પાણી** જ્યારે તરસ લાગે છે ત્યારે આપણે પાણી પીએ છીએ. નવા સંશોધન મુજબ તરસ વગર પાણી વધારે પીવું શરીર માટે હાનિકારક છે. કુદરતી ઉપચારમાં જલ થેરાપીનું મહત્ત્વ છે.

**(૩) અગ્નિ** સૂર્ય પ્રકાશની હાજરીમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાથી અનાજ, શાકભાજી તથા વનસ્પતિ ઊગે છે. અગ્નિતત્ત્વની હાજરીથી ખોરાક પચે છે.

**(૪) આકાશ** (અવકાશ) એકટાણા કે ઉપવાસ દ્વારા શરીરમાં અવકાશ વધારીને પાચનતંત્રને આરામ આપવો જોઈએ. પશુપંખી બીમાર પડે ત્યારે કોઈ જ ચારો ગ્રહણ કરતા નથી.


**(૫) હવા,** વ્યાયામ, યોગાસનો તથા પ્રાણાયામ દ્વારા શુદ્ધ હવા શરીરમાં લેવાથી પાચનતંત્ર સુધરે છે.

**(૬) આહાર** ઉપનિષદ કહે છે 'અન્નં વૈ બ્રહ્મ' આહાર એ જ ઈશ્વર છે 'આહાર એ જ ઔષધ'ના સૂત્રને ધ્યાનમાં રાખી વર્તવું. ઔષધની માફક આહારનું સેવન કરવું. આયુર્વેદે ચાર બાબતો બતાવી છે. (૧) હિતભુક્ - હિતકારક આહાર (૨) મિત્ભુક્ - પ્રમાણસર આહાર, (૩) ઋતભુક્ - ઋતુ પ્રમાણે શાકભાજી તથા ફળોને સ્થાન આપવું. (૪) અશાકભુક્ - પ્રમાણસર તથા માફક આવે તેવાં શાકભાજી લેવાં.

**(૭) મનની નિર્મળ સ્થિતિ** - મન પરમાત્માનો અંશ છે તેથી તે શુદ્ધ જ હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ ષડ્ દુશ્મનો માનસિક તનાવ વધારે છે. માનસિક તનાવ ઘટાડવા કુદરતે અને પરમાત્માને શરણે જવું. કુદરતી વાતાવરણમાં નિવાસ કરવો.

સારાંશરૂપે બે વાત રજૂ કરું-આપણા શરીરમાં કુદરતે બે શક્તિઓ મૂકી છે. (૧) રોગપ્રતિકારક-શક્તિ, (૨) હીલીંગ પાવર (આપમેળે સાજા થવાની શક્તિ) નિદ્રા આવવી કુદરતી છે, છતાયે ઘણાને ઉંઘની ટેબ્લેટ લેવી પડે છે. રોગ એ શરીરમાં કચરો કાઢવાની એક પ્રક્રિયા છે. દા.ત. શરદી, ડાયેરીયા વગેરે.

યોગના આસનોના નામ પણ કુદરતમાં વસતા પશુપંખીના નામ પર છે દા.ત. મયૂરાસન (મયૂર-મોર), ભૂજંગાસન (ભૂજંગ-સર્પ) વગેરે. પ્રકૃતિ પ્રેમી મિત્રો, કુદરતનું શરણું શોધજો. ભૂખ લાગે કકડીને ત્યારે જ ખાજો. પચે તેટલું જ ખાજો. જે વાનગીઓ ન ફાવે તે ખાશો નહિ. અસ્તુ. જય ધન્વંતરિ.



(૧) શરીર અને જગત વચ્ચે પિંડગત એકતા છે,
આથી શરીરથી જગતની સેવા કરો.

(૨) પ્રાણશક્તિનો નાશ થઈ જાય તેમ છતાં વાસનાઓ
શેષ રહી જાય તેનું જ નામ મૃત્યુનો ડર.


(૩) શાંત થયેલ બુદ્ધિમાં બધા જ વેદશાસ્ત્રો અને
ઉપનિષદોનું જ્ઞાન આપમેળે પ્રગટે છે.

(૪) સુખીને જોઈને પ્રસન્ન થાવ. દુઃખીને જોઈને
કરુણિત થાવ.

- પ્રજ્ઞાચક્ષુ સ્વામી શરણાનંદ

'સાધકોના શરણાનંદ', પ્ર. આ., માંથી સાભાર

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



... વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શન સારુ જીવમાત્રની સાથે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે, અને તે કરવાને ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમાં ખેંચી ગઈ છે. મારો પ્રયાસ તો ઈશ્વરના ધામમાં પહોંચવાનો એટલે મોક્ષ મેળવવાનો છે. હું જીવમાત્રની સાથે ઐક્ય, તન્મયત્વ સાધવા ઈચ્છું છું. ગીતાની ભાષામાં કહું તો શત્રુ તેમ જ મિત્ર બન્ને પ્રત્યે સમત્વની સ્થિતિ મારે મેળવવી છે.

- ગાંધીજી

'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી', પ્ર. આ., પૃ. ૨૯

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com